
।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ।।

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૯૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- ***અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.***
- ***પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.***


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૨૦૧

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૧૧ - નવેમ્બર - ૨૦૧૨
સળંગ અંક - ૩૨૪

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યુ.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

શ્રી સહજાનંદ સ્વામીની આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક અને ભક્તિસંબંધી ભાવનાને શબ્દદેહે પ્રસિધ્ધ કરતા એવા શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના શ્રીજી મહારાજના લાડીલા એવા વાંચકવર્ગને દિવાળીના પાવનકારી પર્વ પ્રસંગે જયશ્રી સ્વામિનારાયણ ! આસો માસ આદ્યશક્તિની આરાધના કરી આસુરી તત્ત્વોનો વિનાશ કરવાનો મહીનો, શરદ પૂનમની ચાંદનીની શીતળતા અને નિર્મળતાના સંકેતો સમજીને સ્વયંને શાંત અને સ્વચ્છ અર્થાત્ શીતળ અને પાપ રહિત નિર્મળ બનાવવાનો મહીનો, આ આસો માસ ઉત્સવોનો મહીનો છે.


રાવણનો વધ કરીને શ્રી રામ અયોધ્યા પધાર્યા ત્યારે આખી નગરીને દીપમાળાઓથી શણગારવામાં આવી, એ પ્રસંગની ચિર સ્મૃતિ અર્થે દિવાળીનું પર્વ ઉજવવાની શરુઆત થઇ. આ અંક જ્યારે આપને મળશે ત્યારે આસો માસ પૂર્ણતાના આરે હશે અને સૌ ઉત્સાહ અને ઉમંગભેર દિવાળીના ઉત્સવોનો આનંદ લેવા થનગનતા હશો. આ પ્રસંગ અધર્મ પર ધર્મના વિજયના પ્રસંગનું પર્વ છે. દીવાઓની શૃંખલા અર્થાત્ દીપાવલિ. જીવનમાં અને સમાજમાં રહેલા અનેક પ્રકારના અંધકારને દૂર કરી જ્ઞાન, સદાચાર અને ધર્મનો પ્રકાશ સર્વત્ર ફેલાય તેવી મંગલમય ભાવનાનું પર્વ છે. પ્રભુ પ્રત્યે પ્રીત રાખી, શ્રીજી મહારાજની પ્રસન્નતાની પ્રાપ્તિ અર્થે પરિશ્રમ સાથે પુરુષાર્થ કરી પ્રગતિજનક પ્રારબ્ધનું નિર્માણ કરવાના અને સત્કાર્યો દ્વારા સમાજસેવા કરવાના શુભ સંકલ્પો કરવાનું પર્વ છે. આવા સંકલ્પો સિધ્ધ કરવા માટે જીવનમાં નીતિમતા, નિયમિતતા, નિયમ અને નિઃસ્વાર્થ મનોવૃત્તિ સાથે પરમતત્ત્વ પ્રતિ સંપૂર્ણ શ્રધ્ધા હોવી આવશ્યક છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ત્રીજા શ્લોકમાં વ્યવસ્થાપનની વાત કરી છે, જે આ અંકમાં વણી લીધી છે. નિષ્ઠાવાન સત્સંગીઓ માટે આ લેખ ઉપકારક છે. ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી આદિ તહેવારો વિષે અગાઉ ઘણું લખાયું છે અને આ તહેવારોનાં મહત્ત્વથી સૌ માહિતગાર છો. પરંતુ ભાઇ-બહેના પવિત્ર સંબંધનું ધોતક છે 'ભાઇ-બીજ'નો તહેવાર. આ અંકમાં 'ભાઇ-બીજ'ના મહાત્મ્ય ઉપર પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરેલો છે.

સંતો પ્રત્યે પ્રેમપૂર્વક પૂજ્યભાવ રાખનાર અને સંતોની શીખને શિરોધાર્ય કરી શ્રી સહજાનંદ સ્વામીની નિષ્ઠપૂર્વક ભક્તિ કરનારને અક્ષરધામ અવશ્ય સાંપડે છે. શ્રી હરિની આજ્ઞામાં રહી શુભ સંકલ્પો કરવાની પ્રેરણા પ્રાપ્ત થાઓ એવી મંગલ કામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન ! જયશ્રી સ્વામિનારાયણ !

## નવલ પ્રભાતે શુભાશિષ

નવલ પ્રભાતે નવ સંકલ્પ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરો. જૂના રાગ-દ્વેષ ભૂલી અદેખાઇની ઊંડી ખાઇને કાયમ માટે પુરી દો. સત્કર્મ સાથે સત્કાર્યો પરિપૂર્ણ કરવા નવા જોમ, જુસ્સા અને ઉલ્લાસથી ઉમંગભેર જીવનને સાચી દિશામાં ગતિશીલ બનાવો. જીવનનાં ગાંભીર્ય સમજાય. આદરેલાં અધૂરાં કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થાય. કૌટુંબિક પ્રેમ અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. કીર્તિ અને સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય. જીવનમાંથી નિરાશા અને નિષ્કાળજી દૂર થાય. લોહીના કણ કણમાં ઉત્સાહ, આત્મીયતા, પ્રેમ, ભક્તિ, નિઃસ્વાર્થભાવ અને પરસ્પર ભાઇચારાનો નવો સંચાર થાય. જીવન જીવવાના પથપ્રદર્શિત કરતા શિક્ષાપત્રી, વચનામૃત આદિ સત્‌શાસ્ત્રોના જ્ઞાન દીપક પ્રગટે અને જીવન પથમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે શ્રધ્ધા અને દાસત્વભાવ સાથેના સંપૂર્ણ સમર્પણભાવનો પ્રકાશ પથરાય. સદાય સુખિયા, સ્વસ્થ, સમૃધ્ધ, આરોગ્યપ્રદ અને પ્રગતિશીલ રહો. ભક્તિમાં દ્રઢતા આવે અને પ્રભુમય જીવન વ્યતીત થાય એવી શ્રીજી મહારાજના ચરણોમાં મંગલમય પ્રાર્થના સાથે નવા વર્ષ નિમિત્તે રૂડા આશીર્વાદ સાથે જય શ્રી સ્વામિનારાયણ !

– મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજી તથા સર્વે સંતો



## વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

લેખાંક - ૧૪

વેદોમાં યજ્ઞોના અનુષ્ઠાન પર ઘણો ભાર દેવામાં આવ્યો છે. પરન્તુ જ્યારે વેદ અને સંહિતાના અધ્યયનના મહત્વ અને મુલ્ય પર જ્યારે સૃષ્ટિના કાળના ચક્રનો પ્રભાવ પડ્યો અને યજ્ઞીય કર્મકાંડ અનુષ્ઠાન અસ્તવ્યસ્ત થવા લાગ્યુ. મનુષ્યો સૃષ્ટિની ગતિ સાથે કાળ ચક્રમાં આગળ વધતા ગયા, ભૌતિક ક્ષેત્રે ઘણો વિકાશ થતો રહ્યો પરન્તુ આધ્યાત્મિક અને બૌદ્ધિક ક્ષેત્રે મનુષ્યમાં બુદ્ધિનો હ્રાસ થતો ગયો. લોકોમાં વેદોના ગહન અર્થને સમજવાની બૌદ્ધિક શક્તિ ઓછી થવા લાગી. તેથી વેદ અને વેદની સંહિતાઓનું અધ્યયન ઓછું થવા લાગ્યું, વેદ પ્રત્યે ઋચિ ઓછી રહી. તેથી વેદમંત્રના ભાવાર્થને સહજતાથી સમજી શક્તા નહી. માનવોની આવી બુદ્ધિની અવસ્થા જોઇ ઋષિમુનીઓએ લોકોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે વેદના રહસ્યને સ્પષ્ટ બતાવવા માટે બ્રાહ્મણ ગ્રન્થના અવતરણની જરુરીયાત જણાઇ ત્યારે બ્રહ્મોપસનામાં લીન રહેનાર ઋષિઓ વેદની ઋચાઓનું દોહન કર્યું .



ચાર વેદની પાંચ સંહિતાઓને કેન્દ્રમાં રાખીને તેના વિશે ગ્રન્થોની રચના થઇ, તે બ્રાહ્મણ ગ્રન્થો કહેવાયા. બ્રાહ્મણગ્રન્થો પણ વોદનો જ ભાગ ગણાય છે. વેદના મંત્રને બ્રહ્મ કહે છે તેથી મંત્રવિષયક જે લખાયું તેને બ્રાહ્મણ કહેવામાં આવે છે. બ્રાહ્મણ ગ્રન્થો વેદની સંહિતા પર લખાયેલાં એક વિશિષ્ટ પ્રકારનાં અને પ્રથમ ભાષ્યો છે. બ્રાહ્મણગ્રન્થો વેદમંત્રોના અર્થ, તેમનો વિનિયોગ, તેમના વિશેની આખ્યાયિકાઓ, યજ્ઞના અનેકવિધ પ્રયોગો. ઉપાસનાની ભિન્નભિન્ન પદ્ધતિ, ચિંતન, દર્શન

આદિ અનેકવિધ વેદોના જ તત્ત્વોથી ભરપૂર મહાગ્રન્થો છે.

બ્રાહ્મણગ્રન્થોમાં પ્રતિપાદ્ય વિષય અને મહત્ત્વ : બ્રાહ્મણ ગ્રન્થોમાં વેદોની વ્યાખ્યાત્મક, ભાષાત્મક તથા નિરુક્ત-વિષયક વાક્ય ગ્રથિત છે. જગતની સૃષ્ટિ અને ઈશ્વરીય-જ્ઞાન સંબંધી વાદોની પુષ્ટિ માટે આ અનેક ધાર્મિક કથાઓ અને દાર્શનિક વિચાર આપવામાં આવ્યા છે. યજ્ઞિય અનુષ્ઠા સંબંધિત આ પ્રાચીનતમ ગ્રન્થો છે. તેથી ધર્મના ઇતિહાસની વિદ્યાર્થીઓ માટે સાધારણ પણે અને ભારતીય પ્રાચીનતાના વિદ્યાર્થીઓ માટે વિશેષપણે આ ગ્રન્થોનું મહત્વ છે. આ ગ્રન્થોમાં વર્ણિત અનેક કથાઓ વિશેષ મહત્ત્વપૂર્ણ છે અને અનેક વિચાર વિશેષ પ્રભાવશાળી છે. આવી અનેક વિધ વિશેષતાઓના ભંડાર રુપ આ ગ્રન્થો તે યુગના લોકોની યોગ્યતા પ્રમાણે ઋષિઓના તપના ફળરૂપે બ્રાહ્મણ ગ્રન્થોનું અવતરણ થયું. બ્રાહ્મણ ગ્રન્થો બ્રહ્મનું વિશેષ પ્રતિપાદન કરે છે તેથી તે બ્રાહ્મણ ગ્રન્થના નામથી પ્રસિદ્ધ થયો. બ્રાહ્મણ ગ્રન્થમાં એક બાજુ ધાર્મિક ગ્રન્થ યજ્ઞોના અનુષ્ઠાન માટે વિસ્તાર સહિત વિધાન નિર્ધારિત કરવામાં આવ્યું છે તો બીજી બાજુ વેદોના કઠિન ભાગને સમજાવે છે. વેદના જ અર્થને પ્રતિપાદન કરનાર બ્રાહ્મણનો મૂળ ઉદ્દેશ મૂળ મંત્રો અને યજ્ઞ વિધાનના પરસ્પર સંબંધ બતાવવાનો અને પારિભાષિક તાત્પર્યની વ્યાખ્યા કરવાનો છે. બ્રાહ્મણ ગ્રન્થ સંપૂર્ણ ગદ્યાત્મક હોવાથી વેદની ગહન ભાષાની તુલતામાં બ્રાહ્મણ્ય ગ્રન્થની ભાષા સરલ અને સંક્ષિપ્ત છે. તેથી લોકોને બ્રાહ્મણ ગ્રન્થના અધ્યયન પ્રત્યે રુચિ જાગી એટલેજ તેનું અધ્યયન સર્વત્ર થવા લાગ્યું. ઋષિઓના આશ્રમોમાં વેદમંત્રો, વેદની ઋચાઓનો નાદ સંભળાવવા લાગ્યો. વેદ અને વેદની સંહિતાઓના અર્થને સમજવામાં સરલતા પડી. વેદોની ભાષાને સમજવા માટે બ્રાહ્મણ્યમાં વિશેષ સહાયતા મળે છે. પુનઃ લોકો વેદના રહસ્યને સમજવા જીજ્ઞાસુ બન્યા અને બ્રાહ્મણ ગ્રન્થ પ્રત્યે આકર્ષાયા તેની પ્રત્યે શ્રદ્ધા, અભિમાન, વિશ્વાસ, વધ્યો. અધ્યયનની સાધના ચાલુ થઇ તેથી વેદમૂલક આ બ્રાહ્મણ ગ્રન્થના રહસ્યને સમજી શકતા હતા. વેદાધ્યયનને કારણે બુદ્ધિનો પૂર્ણ વિકાશ થયો અને વૈદિક માર્ગે ચાલવા લાગ્યા. 'આ યુગને બ્રાહ્મણ યુગ કહી શકાય.'

બ્રાહ્મણ : સંહિતા અધિકાંશતઃ પદ્યાત્માક રૂપ અથવા મંત્ર રૂપમાં હોય છે. આવા પદ્યાત્માક અથવા મંત્ર રૂપ સૂક્તોને કર્મકાંડ વિષયકને ગદ્યાત્મક વ્યાખ્યા બ્રાહ્મણ ગ્રન્થમાં જોવા મળે છે. પ્રત્યેક સંહિતાનો પોતાનો નિશ્ચિત બ્રાહ્મણ હોય છે.

સંહિતાના સંકલન પછી તેના પદ્યભાગને યજ્ઞાનુષ્ઠાન હેતુ માટે વિસ્તારપૂર્વક વર્ણન કરનાર ગ્રન્થને બ્રાહ્મણ ગ્રન્થ કહેવાય છે. આહિયાં બ્રાહ્મણ શબ્દ કોઇ જાતી વાચક નથી જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈષ્ય અને શુદ્ર જે ચાર પ્રકારની માનવ જાતી બતાવી છે તેમાં જે બ્રાહ્મણ શબ્દ આવે છે તે જાતી વાચક છે પરન્તુ આંહિ જે બ્રાહ્મણ શબ્દ લેવામાં આવ્યો છે તે વેદોપબ્રહ્મક ગ્રન્થ માટે છે. અર્થાત્ આંહિ બ્રાહ્મણ શબ્દ સાહિત્યાત્મક સંજ્ઞા છે. જેનો અર્થ થાય છે બૃહ્ વર્ધને અર્થાત્ વૃદ્ધિ પામનાર. બ્રહ્મનો બીજો અર્થ યજ્ઞ પણ થાય છે અને બ્રાહ્મણ ગ્રન્થમાં યજ્ઞના વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોવાથી તેને બ્રાહ્મણ કહેવાય છે. પ્રત્યેક સંહિતા પોતાનો એક વિશિષ્ટ બ્રાહ્મણ છે. જેમાં તે સંહિતાની વ્યાખ્યા કરવામાં આવેલ છે.

**ક્રમશઃ**

| તા.૫-૧૧-૨૦૧૨ થી તા.૪-૧૨-૨૦૧૨ સુધી કચ્છમાં કથા પારાયણો |
|---|
| તા.૧૬-૧૧-૧૨ કારતક સુદ-૩ મંગળવારથી ૫ દિવસ - કેરા |
| તા.૧૮-૧૧-૧૨ કારતક સુદ-૫ રવિવારથી ૫ દિવસ - માનકુવા-ગુરુકુળ |
| તા.૧૮-૧૧-૧૨ કારતક સુદ-૫ રવિવારથી ૭ દિવસ - શિવાઈ નગર-થાણા મુંબઇ |
| તા.૧૯-૧૧-૧૨ કારતક સુદ-૬ સોમવારથી ૫ દિવસ - રામપર-નવોવાસ |
| તા.૨૨-૧૧-૧૨ કારતક સુદ-૯ ગુરુવારથી ૫ દિવસ - કોડકી |
| તા.૨૩-૧૧-૧૨ કારતક સુદ-૧૦ શુક્રવારથી ૫ દિવસ - નારણપર ઉ.વો |
| તા.૨૮-૧૧-૧૨ કારતક સુદ-૧૫ બુધવારથી ૫ દિવસ - ભુજ બન્ને મંદિરમાં |
| તા.૨૯-૧૧-૧૨ કારતક વદ-૧ ગુરુવારથી ૫ દિવસ - સુરજપર મંદિર |
| તા.૩૦-૧૧-૧૨ કારતક વદ-૨ શુક્રવારથી ૫ દિવસ - કોડકી |
| તા.૩-૧૨-૧૨ કારતક વદ-૫ સોમવારથી ૫ દિવસ - ભુજ મંદિરમાં |

# ભાઈબીજ (યમદ્વિતીયા)

- જનકભાઇ એમ. ભટ્ટ



ભાઇબીજ દીપોત્સવી પર્વનો અંતિમ દિવસ છે. કારતક માસના સુદ પક્ષની દ્વિતીયા યમ દ્વિતીયા કહેવામાં આવે છે. આજના દિવસે યમરાજાનું પૂજન થતું હોવાથી તેને યમદ્વિતીયા એવું નામ આપવામાં આવેલું છે.

નવા વર્ષે આપણે સૌ જૂના રાગદ્વેષને ભૂલી જઇને સમગ્ર વિશ્વને પ્રેમ કરવાનો સંકલ્પ કરીએ છીએ, એની શુભ શરુઆત ભાઇ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમથી થાય તે યથાયોગ્ય ગણાશે.

પુરાતન કાળમાં ભગવાન સૂર્યનારાયણની પત્ની છાયાની કૂખે જન્મેલી યમુનાએ તેના ભાઇ યમરાજાને પોતાના ઘરે જમવા માટે આમંત્રણ આપેલું, અને સત્કાર કરેલો હતો. યમરાજ બહેન ઉપર પ્રસન્ન થયેલા અને વરદાન માગવા કહ્યું. યમુનાજીએ માગ્યું, 'હે ભાઇ, દર વર્ષે આ દિવસે તમારે મારે ઘેર જમવા આવવાનું છે. તેમજ આ દિવસે જે ભાઇ પોતાની બહેનના હાથથી ભોજન કરે તેને તમારે સુખ આપવું.'

કોઇ પણ વ્યક્તિએ ભાઇબીજના દિવસે પોતાના ઘરે ભોજન કરવું નહિ. પણ બહેનના ઘરે ભોજન કરવું. સગી બહેન ન હોય તો કુટુંબમાં સંબંધમાં કોઇની પણ સાથે બહેનનો સંબંધ રાખવો, તેવી જ રીતે બહેનને પોતાનો ભાઇ મળી શકે તેમ ન હોય તો બીજના ચંદ્રમાં પોતાના ભાઇના દર્શન કરવાં, અને ભાઇબીજ મનાવવી. બાળકો એટલા માટે જ ચંદ્રને ''ચાંદામામા''ના ભાવથી પ્રેમ કરતા હોય છે. આ દિવસે ભાઇનું આયુષ્ય વધે તે માટે બહેને યમરાજાની પૂજા કરવી. યમદ્વિતીયાને દિવસે જે બહેન ભાઇને જમાડે છે. તેનું જીવન પણ સુખી થાય છે.

ભાઇબીજના દિવસે ભાઇનું પૂજન કરતી બહેન પોતાના ભાઇનું ભવિષ્ય ઉજળું બને તે માટે પ્રાર્થના કરતી હોય છે. તેના ફળસ્વરુપે અનેક દેવો, ૠષિઓ ચિરંજીવી બની ગયા છે. તે પ્રમાણે પોતાનો ભાઇ ચિરંજીવી બને તે માટે પ્રાર્થના કરે છે.

બહેનનો સ્વભાવ સ્નેહભર્યો તેમજ સંવેદનશીલ હોય છે. પોતાનો ભાઇ ભોગવાદી ન બને, જીવન નિરર્થક વેડફી ન નાખે, સંસ્કૃતિનો રક્ષક બને, પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરે, સામાન્ય જીવન નહિ પણ અસામાન્ય જીવન જીવે, આવા સ્વપ્નોમાં બહેન રાચતી હોય છે. ભાઇ માટે મંગલકામના કરતી રહે છે. બહેનના હૃદયમાંથી ભાઇ પર આશિષની અમીવર્ષા સતત વરસતી રહે છે.

ભાઇબીજના દિવસે બહેન ભાઇનું પૂજન કરે છે. તેનું કારણ એ છે કે બીજનો ચંદ્ર કર્તૃત્વનો પ્રતિક સમાન ગણાય છે. પોતાનો ભાઇ પણ કર્મયોગી બને તેવી અપેક્ષા બહેન રાખે છે. બીજથી પૂનમ સુધી ચંદ્રની કળા વધતી જાય છે.

તેવી રીતે ચંદ્ર પ્રગતિનું પ્રતિક છે. ભાઇના જીવનમાં કર્તવ્યપરાયણતા આવે, વિકાસના ગુણો કેળવાય તેવી અભિલાષાનો આ ઉત્સવ છે.

ચંદ્ર સુદ પક્ષમાં કમાય છે અને વદ પક્ષમાં પોતાને જે ઐશ્વર્ય સાંપડેલું છે, તે પોતાની કલાઓની વહેંચણી કરે છે. બીજથી કમાવાની શરૂઆત થાય છે. આવી રીતે ચંદ્રમાં કર્તૃત્વના ગુણો તેમજ ઉદારતાના ગુણો રહેલા છે. પોતાના ભાઇના જીવનમાં આવા ઉમદા ગુણો કેળવાય તેવી ઝંખના બહેન કરતી હોય છે.

ભારતીય સંસ્કૃતિ ઉદારતા તેમજ કર્તવ્યપરાયણતાની હંમેશાં પૂજક રહેલી છે. માણસ પોતાના જીવનમાં કર્મયોગી બને તેનું સન્માન હંમેશાં થતું રહે છે. એમ કહેવાય છે કે ભગવાન શિવજીએ એ હેતુસર બીજના ચંદ્રને માથે લીધો છે. બીજના ચંદ્રના દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે. તેનું દર્શન પવિત્ર, મંગલમય છે, મધુર તેમજ આનંદદાયક છે. ઇસ્લામ ધર્મમાં ઇદનો ચાંદ જોયા પછી ઇદ મનાવવામાં આવે છે.

બહેન પરણીને સાસરે જાય પછી ભાઇ બહેનનું મિલન દરરોજ શક્ય હોતું નથી. બીજના ચંદ્રની જેમ ભાઇ, બહેનને ક્યારેક મળતો હોય છે. ભાઇના મિલનમાં અને બીજના ચંદ્રદર્શનમાં સરળતા ન હોવાને લઇને આપણા શાસ્ત્રકારોએ ભાઇ અને બીજને જોડેલા હશે અને ભાઇબીજનો ઉત્સવ સર્જ્યો હશે. ભાઇબીજના દિવસે બહેન પોતાના ભાઇને મળી શકે તેમ ન હોય તો આકાશમાં રહેલા ચંદ્રને પોતાનો ભાઇ ગણી તેની પૂજા કરે છે. ભાઇ પણ ચંદ્રદર્શનથી સંતોષ અનુભવે છે, ચંદ્રના માધ્યમથી ભાઇ-બહેનનું પરોક્ષ મિલન શક્ય બનતું હોય છે. ભારતીય સ્ત્રીને ચંદ્ર ઘરનો લાગે છે, પોતાનો લાગે છે, ભાઇ લાગે છે.

બીજના ચંદ્રની પૂજા માત્ર હિંદુધર્મમાં નહિ પણ ઇસ્લામ ધર્મ પણ બીજના ચંદ્રની ઉપાસના કરે છે. વેપારીઓ બીજના ચંદ્રના દર્શન પરથી બજારમાં કેવી તેજી રહેશે, કેવી મંદી રહેશે તેવું અનુમાન કરતા હોય છે.

આમ બીજનો ચંદ્ર નાના બાળકોને આનંદ આપનાર છે. યુવાનવર્ગને કર્તવ્યપરાયણતા શિખવે છે. વૃદ્ધલોકોને નવજીવન જીવવાનો સંદેશો આપે છે. વેપારીઓને વેપાર કરવા માટેનું માર્ગદર્શન આપે છે. શ્રીમંત લોકો ચંદ્ર પાસેથી ઉદારતાના ગુણો ગ્રહણ કરે છે. બીજનો ચંદ્ર ભાઇ બહેનના ભાવજીવન જીવવાની પ્રેરણા આપી પુષ્ટ કરે છે.

બીજનો ચંદ્ર ત્યાગ, કર્તૃત્વ, પુરુષાર્થનો મહિમા સમજાવે છે. જીવનની શોભા, જીવનનું સૌંદર્ય બીજના ચંદ્રમાંથી સાંપડે છે. આ ભાઇબીજના દિવસે યમુનાજીમાં સ્નાન કરવાનો મહિમા છે.

આ ભાઇબીજના દિવસે ભાઇ ઉપરોક્ત તમામ ગુણોથી પરિપૂર્ણ બને. આવી મંગલકામના દરેક બહેન રાખે છે. બહેનની અપેક્ષા મુજબ દરેક ભાઇ આવા ગુણો જીવનમાં કેળવે, કટિબદ્ધ બને તો ભાઇબીજનો ઉત્સવ ઉજવ્યો સાર્થક ગણાશે.

આપણા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક ઉત્સવોનું મહાત્મ્ય સમજાવેલ છે. અધિકમાસમાં વર્ષભરના ઉત્સવોની ઉજવણી અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ઉત્સવોની ઉજવણી થકી આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિ ટકી રહે, આધ્યાત્મિકતાનો વિકાસ થાય, અને પરમેશ્વરની શ્રેષ્ઠ કૃતિ - એટલે માનવ હંમેશા શ્રેષ્ઠતાના ઉન્નત શિખરો સર કરે, ભાવજીવન જીવે અને પોતાનું જીવન સાર્થક કરે એવી પ્રાર્થના - અસ્તુ.

# કૃતઘ્ની નો ત્યાગ

- શીયાણી શિલા ગોપાલભાઇ - મિરઝાપર




ધુલેગામના હરિભક્તોને દર્શન દાનથી સુખી કરી હવે શ્રી હરિ વેંકટાદ્રિની યાત્રા શરૂ કરે છે. વેંકટાદ્રિ એટલે તિરુપતિ બાલાજી. આ પર્વતમાં એટલી ક્ષમતા છે કે તેના ઉપર ચઢનારનું પાપ નાશ પામી જાય છે.

વર્ણીરાજ જ્યારે પર્વત ઉપર ચઢે છે. ત્યારે રસ્તામાં એક મોટો કદાવર રાક્ષસ રસ્તો રોકીને સુતો છે. વર્ણીજી એ લાત મારીને જગાડયો. પ્રભુના ચરણ સ્પર્શ થતાં જ તેના પૂર્વનાં તમામ પાપ નાશ પામી ગયાં. પૂર્વ જન્મની કથની સાંભળી શ્રી હરિ તેના ઉપર દયા કરે છે. અને કહે છે કે, તારો આ દેહ છૂટી જશે અને કાઠિયાવાડના જેતપુર ગામના બસીયા કુળમાં તારો જન્મ થશે. રત્નો બસીયો તારુ નામ પડશે અને તે જન્મમાં ભક્તિ કરીને મારા ધામને પામીશ.

વેંકટાદ્રિથી નીકળી શ્રી હરિ સેતુબંધ રામેશ્વરના રસ્તે મહાવનમાંથી પસાર થતાં હતા ત્યારે કોઇ એક વ્યક્તિની દર્દભરી ચીસ સાંભળી વર્ણી એકદમ રોકાઇ ગયા. તપાસ કરતાં ખબર પડી કે, એક સાધુ પેટખંડ લોહી બેસણાંના દર્દથી (મરડાથી) પીડાતો એક ઝાડીમાં પડયો છે. તેની સેવા કરનાર કોઇ ન હતું. તેની પાસે એક હજાર જેટલી સુવર્ણમુદ્રાઓ હતી, પણ સેવાનો કરનારો કોઇ ન હતો, હાય ! મારું શું થશે ? તેવા શબ્દોનું ઉચ્ચારણ કરતાં ધ્રુસકે ધ્રસકે રડવા લાગ્યો. તેનું દુઃખ જોઇને શ્રી હરિનું હૃદય દ્રવી ઉઠયું.

''અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો
પર દુઃખ હારી રે વારી બહુમાનીનો
કોઇને દુઃખીયો રે, દેખી ન ખમાયે દયા આણી રે.''

પરમાત્માનો સ્વભાવ અતિ દયાળુ છે. શ્રી હરિ તેની પાસે જઇને આશ્વાસન આપે છે. અને કહે છે કે તમે કોઇ ચિંતા કરશો નહિ. તમારી સેવા અમે કરીશું. તેનું નામ સેવકરામ છે. શ્રી હરિ સેવકરામની સેવા નિષ્ઠાપૂર્વક કરે છે. બાજુ ફૂલવાડીમાંથી કેળનાં પાંદડાં લાવી એક હાથ જેટલી ઊંચી સુંવાળી પથારી કરી આપે છે.

શ્રી હરિ સેવકરામના ઝાડાપેશાબથી બગાડેલી પથારી સાફ કરતાં, શ્રી હરિ વસ્તીમાં જઇને ભિક્ષાવૃત્તિ કરી પોતે જમે અને સેવકરામને જમાડે છે કોઇ વખત વસ્તીમાંથી શ્રી હરિને ભિક્ષાવૃત્તિમાં કંઇ જ મળતું ન હતું. તે વખતે શ્રી હરિ ભૂખ્યા રહે, સેવકરામ પોતાની પાસેની મુદ્રામાંથી સીધુ મંગાવી શ્રી હરિ રસોઇ બનાવી સેવકરામને જમાડતા પોતે જમે પણ શ્રી હરિને જમવાનું પણ કહે નહિ. શ્રી હરિ ભુખ્યા રહીને સેવકરામની સેવા કરતા અને જમાડતા. સેવકરામ શેર ઘી પચાવે તેવાં થયાં તેમ છતાં યાત્રામાં એકમણ જેટલું વજનનું પોટલું શ્રી હરિ પાસે ઉપડાવે. શ્રી હરિ તો પોતા પાસે કંઇ પર રાખતા નહિ. છેવટે સેવા કાર્યરૂપી ઉપકારને ન જાણકાર કૃતઘ્ની એવા સેવકરામનો ત્યાગ કર્યો અને ચાલી નીકળ્યા.

શ્રી હરિ તેમ છતાં કૃતઘ્ની એવા સેવકરામ ઉપર દયા કરીને બીજો જન્મ ઝિંઝાવદરમાં સત્સંગીને ત્યાં આપી, ખેડાભાઇ નામે સારા સત્સંગી બનાવી મોક્ષ પદ આપ્યું.

આ પ્રસંગ ઉપરથી આપણે બોધ લેવો જોઇએ કે શ્રી હરિ આપણને હવા, પાણી, પ્રકાશ અને ધબકતું જીવન આપી જીવાડે છે, તો આપણે તેમની સેવા ભક્તિ કરીને ૠણમુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઇએ. કૃતઘ્ની માણસ શ્રી હરિને ગમતો નથી. શ્રી હરિ તેનો ત્યાગ કરે છે.

# ભગવાનને વ્હાલા કેમ થવાય ?

- નંદુ વી. ભુવા - કેરા

દુનિયામાં કોઇપણ વસ્તુ મેળવવા માટે તેના પર સ્નેહ. હેત અને તેના સક્રિય થવાથી મળે છે. કોઇનું મન જીતવા સારુ તેના કહેવામાં, વર્તવામાં અને તેની આજ્ઞામાં રહેવું પડે છે. ત્યારે જ તેને આપણે વ્હાલા લાગીએ છીએ.

તેમ ભગવાન કે ભગવાનના સંત ને વ્હાલા થવા માટે તેનો ધર્મ નિયમ અને આજ્ઞામાં રહેવું પડશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે રંગરેલને રાજી કરવાનો આ માનવરૂપી અવતારમા સરસ ઉપાય છે, ''ભક્તિ''.

એક યુવાને સંતને પૂછયું, આપણે ભગવાનને વ્હાલા કેમ થવાય ? ત્યારે સંતે યુવાનને કહ્યું કે તેને સૌથી વધારે હેત 'સ્નેહ કોના ઉપર છે ? ત્યારે યુવાને કહ્યું આખી દુનિયામાં સૌથી હેત મારી પત્ની ઉપર છે.'

સંત કહે તે હેત ટકાવી રાખવા સારુ તમે શું કરો છો ? હેતને ટકાવી રાખવા સારુ તે કહે તે પ્રમાણે કરું છું. તેને જે વસ્તુ પ્રિય લાગે તે ગમે તેમ કરીને લાવી આપું છું. મને ન ગમતી વસ્તુ તે સાથે હોવાથી ન છૂટકે ગમતી કરવી પડે છે. તેના સગા વ્હાલા ને બહુમાન ન રાખતો પણ પત્ની કહેતા તેને રાજી રાખવા સારુ બહુ સન્માન આપું છું. તેમના સગા ના છોકરાઓ ઘરમાં તોફાન કરે તો પણ ખીજાતો નથી. પરંતુ પત્નીના હેતને કારણે હસી પડું છું.

ત્યારે સંતે યુવાનને સરસ જવાબ આપ્યો, જેમ તારી પત્ની તને વ્હાલી છે તેનું કહ્યું માને છે અને તેના કહેવા પ્રમાણે વર્તે છે. તેના સંગા સંબંધીને વ્હાલા રાખે છે. તેમ તને ભગવાન ને વ્હાલા થવા માટે તેના સંગાસંબંધી એવા સંતો, ભક્તો અને ભગવાને લખેલા ધર્મ, નિયમોનું પાલન કરવું પડશે. અને ભગવાને પણ વચનામૃતમાં કહ્યું છે કે ''અમારી તો એજ પ્રકૃતિ છે જે જેના હૃદયમાં ભગવાનની પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે. એવા ગુણ જેનામાં ન હોય તો હેત કરવા જઇએ તો પણ હેત થતું નથી.''

માટે વ્હાલા સંત્સગીઓ ઉપરના દ્દષ્ટાંતમાં સમજ્યા પ્રમાણે ભગવાનને વ્હાલા થવા માટે સંતોનો સમાગમ અને સંપ્રદાયનાં સત્‌શાસ્ત્ર અને તેના નિયમ પ્રમાણે વર્તવાથી જ ભગવાનને વ્હાલા થઇ શકશું.

---

# સહજાનંદ સ્વામી અને સુચારુ સંચાલન

- હિંમ્મત કે. ઠક્કર 'રઘુવંશી'

શ્લોક ત્રીજામાં શ્રી સહજાનંદ સ્વામી મહારાજ તેમના અવતારી દિવ્ય મનુષ્ય જન્મના મૂળનું વર્ણન કરે છે.

''ધર્મદેવ થકી જેમનો જન્મ છે, એવા જે અમારા ભાઇ રામપ્રતાજી તથા ઇચ્છારામજી, તેમના પુત્ર અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજી છે.''

ભારતીય ઋષિ સંસ્કૃતિમાં માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને આચાર્ય દેવો ભવ જેવા દિવ્યતા પ્રેરક સદ્‌વિચારો અડગ પણે સ્થાપિત છે. આવી વેદાજ્ઞાવાળી સંસ્કૃતિમાં ચારેય વર્ણોમાં શ્રેષ્ઠતમ બ્રાહ્મણ કુળમાં પ્રાગટય થયું છે. શિક્ષાપત્રીની શરૂઆતમાં જ તેમણે પિતા, ભ્રાતાઓ અને આચાર્યોને લીલા આસોપાલવના તોરણે શોભાવી સુગંધી ફૂલડે ફોરાવ્યાં છે.

માનવ મન અતિ ચંચળ છે. ચંચળતા જ્ઞાન ભૂખી છે. લ્યો, થોડી જ્ઞાન પિપાસા છીપાવીએ. શ્રી સહજાનંદ સ્વામીના સદ્‌ભાગી વંદનીયા માતાજીનું

નામ છે ભક્તિદેવી ને પુણ્યશાળી પિતાજીનું નામ છે ધર્મદેવ. જન્મ સ્થળ ભારતમાં કૌશલ દેશ ને રામચંદ્રજીની જન્મ સ્થલી અયોધ્યા નજીક છપૈયા ગામે થયો.

બે-ચાર અમી-ઘૂંટડે જરીક શાંતિ તો વળી...! પણ પાછું મન ટળવળ્યું જન્મ તિથિ જાણવા. મન મનોમન બોલ્યું - જો શુતી જન્મ દિન જાણું તો ઉત્સવ મનાવું ને પ્રભુને - હેપ્પી બર્થ ડે પણ કરું...!

લે, હાલ મારા મનડા તારી સ્મૃતિની ડિઝીટલ ડાયરીમા નોંધી રાખ. વિક્રમ સંવત ૧૮૩૭ ના ચૈત્ર સુદ-૯, ની રાતે બરોબર દશ વાગ્યે પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી મહારાજ પ્રગટયા. અંગ્રેજી ઇ.સ.૧૭૮૧ની બીજી એપ્રિલને સોમવાર હતો તેદિ'.

શ્રી સહજાનંદ સ્વામીના પ્રાગટય દિવસે વિશ્વમાં આપણે જ્યાં હોઇએ ત્યાં મંદિરમાં પહોંચી જઇ જન્મ-દિનની રંગારંગ ઊજવણીમાં જોડાઇ જઇએ. ને જો અનિવાર્ય પણે ન જ જવાય, તો ઘેર બેઠાં-બેઠાં ષડાક્ષરી 'સ્વામિનારાયણ' મહામંત્રનો અખંડ જાપ કરી લઇએ. ભગવાનને જન્મદિન મુબારક બાદી તો આમ જ અપાય. ઓન કરો મનનું મોબાઇલ '૦૦૦' ત્રણ શૂન્ય લગાવી રાજ્ય, દેશ અને વિશ્વને અને બધાની માયાવી સ્મૃતિઓને કોરાણે મૂકી સીધા 'ઓકે' કરી પહોંચી જાઓ. અક્ષરધામના ધામીના શ્રી ચરણોમાં...! ... ને કહો, હે સ્વામિનારાયણ ભગવાન આજથી હું તમને સોએ સો ટકા સમર્પિત છું - હેપ્પી બર્થ ડે ટૂ યુ...!

ત્રીજા શ્લોક પર ઊંડું મનન કરો. મહારાજે તેમના ભાઇઓ રામપ્રતાપજી તથા ઇચ્છારામજીનું અભિવવાદન કરી તેમના બે સુપુત્રો, અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને સ્મર્યા છે.

આજે 'મેનેજમેન્ટ' શબ્દની બોલબાલા છે. શ્રી સહજાનંદ સ્વામીએ ત્રિ-પાંખીઓ મેનેજમેન્ટની અદ્ભુત વ્યવસ્થા સદીઓ પહેલાં કરી બતાવી છે...!

- ધર્માચાર્યથી આમ-સત્સંગી સુધીની વ્યવસ્થા.
- શિખરબંધ મંદિર નિર્માણને સંચાલન.
- સ્વ-ધર્મને અક્ષર-દેહ આપી વૈચારિક ક્રાંતિ. સંસારમાં ત્રિ-તાપથી ત્રસ્ત ને દગ્ધ સૌને આવા ત્રિવેણી સંગમમાંના સ્નાનથી દિવ્ય ઊર્જા મળતાં શાંતિ વળે છે. જે હરિભક્તો આ ત્રિવેણી સંગમમાં માથાબૂડ ડૂબે તેઓ ભગવાનના વચન પ્રમાણે અવશ્ય અક્ષરધામ પહોંચે.
- મંદિરના ઘંટારવ, પંચકાલ - આરતી, ભજન-કીર્તન, કથા-વાર્તા, સત્સંગને સતત મળતા રહેતા દિવ્ય સંતોના આશીર્વાદ અદ્ભુત ઊર્જાવર્ષા કરતા રહે છે.
- ધર્માચાર્યોની ધર્મ-વ્યવસ્થા સમગ્ર પૃથ્વીખંડ પર વધુને વધુ ધર્મ-ધ્વજ ફરકાવતી રહી છે.
- શ્રી હરિના અક્ષરદેહ સમા 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત'નાં ચોમેર ખડખડ વહેતા કલકલ કરતા જ્ઞાન-ઝરણાં અદના આદમીને પ્રભુના લાડકા બની જવાની દિવ્યશક્તિના દાન કરી રહ્યાં છે.

''પ્રભુ-કૃપા કી બારીસ
તો બરસતી હૈ હરદમ !
અગર હૈ તેરે મેં કુછ દમ !
તો પહેલે ચલો દો-કદમ,
સહજાનંદ દૌડ કે આયેંગે,
તેરે પાસ સેંકડો કદમ...!!''

આમ સ્વધર્મ સ્થાપક અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનમાંથી સ્ફુરિત થઇ ઊર્ધ્વમૂળ આજે સમગ્ર પૃથ્વી પર અમૃત-ફળ નો મહાપ્રસાદ આપી રહ્યા છે.

# ત્રણ પ્રશ્નો

- કૃપા પ્રકાશ ગોર, ભુજ

માણસ સંસારમાં રહે છે, તેથી તેને અનેક આધિ, વ્યાધિ અને ઉપાધિ તથા તેના જીવનમાં અનેક જાતના પ્રશ્નો મૂંઝવતા રહે છે. એક પ્રશ્ન, સમસ્યા પૂરી થાય ત્યાં બીજી ઉદ્‌ભવે અર્થાત્ એક સાંધીએ ત્યાં તેર તૂટે. એવા જ ત્રણ પ્રશ્નો આપણે વિચારીશું.

એક દિવસ દરબારમાં એક પંડિત ત્રણ પ્રશ્નો લઇને આવ્યા. પંડિત કહે, ‘‘મારો પહેલો પ્રશ્ન છે : પૃથ્વી ક્યારે હસે છે ? બીજો પ્રશ્ન છે : પૃથ્વી ક્યારે રુએ છે ! અને ત્રીજો પ્રશ્ન છે : પૃથ્વીને ક્યારે આનંદ થાય છે ?’’

પ્રશ્ન સાંભળીને દરબારમાં બેઠેલા બધા વિચારમાં પડી ગયા. એક બીજા સામે જોવા લાગ્યા. સભામાં શાંતિ છવાઇ ગઇ. એટલે રાજા એ કવિ કાલિદાસ સામે જોયું. કવિ સમજી ગયા કે પ્રશ્નોના ઉત્તર તેમણે આપવાના છે.

કવિ કાલિદાસ ઉપર વિધાદેવીની કૃપા હતી. એ ઊભા થયા અને કહેવા લાગ્યા, ‘‘મહારાજા, પહેલા પ્રશ્નનો જવાબ આ છે : કંજૂસ માણસો સારું પહેરે ઓઢે નહિ, પૂરતું ખાય પીએ નહિ, સાધુ સંતો અને બ્રાહ્મણોને ધન આપે નહિ, દેવદર્શને જાય ત્યારે મંદિરમાં પાઇ પૈસો મૂકે નહિ, હંમેશાં ધન એકઠું કર્યા કરે અને ધન ધરતીમાં ખાડો ખોદીને દાટી દે ત્યારે પૃથ્વી હસે છે, આ તે કેવા મૂરખા !’’

મહારાજા, બીજા પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે : ‘‘કોઇ પાપી, ડાકુ, લૂંટારા, ઠગ, ચાંચિયા, ચોર જેવાં માણસો આ ધરતી પર ચાલે છે ત્યારે પૃથ્વી રુએ છે આવાં માણસો... શું કરું ? હાય રે, મારાં નસીબ !’’

મહારાજા, ત્રીજા પ્રશ્નનો જવાબ આ છે : ધરતી પર બીજાના દુઃખે દુઃખી થનારા, બીજાના સુખે સુખી થનારા, સારું બોલનારા ને સાચું આચરણ કરનારા, નિત્ય ઇશ્વર સ્મરણ કરનારા માણસોને જ્યારે પૃથ્વી જુએ છે ત્યારે તેને આનંદ થાય છે.

કવિ કાલિદાસના ત્રણે પ્રશ્નોના જવાબ સાંભળી દરબારમાં સહુ ખુશ થઇ ગયા. રાજાએ તેમનું સન્માન કર્યું. આ ત્રણ પ્રશ્ન દ્વારા આપણે વિચારવું કે આપણી ગણતરી આ ત્રણમાંથી શેમાં થાય છે. ॥ અસ્તુ ॥

# દિવાળી પર્વની સાથે સાથે

- પ્રીતિ કરશનભાઇ પોકાર, ભાલેજ



વ્હાલા વાચક મિત્રો ! સત્સંગીભાઇ બહેનોને અમારા નવા વર્ષના સપ્રેમ જ ય શ્રી સ્વામિનારાયણ.

હિન્દુસ્તાનમાં દિવાળી પર્વની ખૂબ ભાવનાથી ઉજવણી થાય છે. દિવાળી આવતાંની સાથે જ બહેનો ઘરની સફાઇ, વાસણોની સફાઇ તથા વેપારી મિત્રો દુકાનોની સફાઇ તથા જૂના હિસાબ-કિતાબ ચૂકતે કરવાની કામગીરીમાં લાગી ગયેલા જોવા મળે છે. એટલે ટૂંકમાં દિવાળી એટલે જૂનાનું નવું કરવું ? દિવાળી એટલે ભાઇઓ માટે નવનવાં કપડાં પહેરીને મીઠાઇ ખાવાની અને ફરવાનું એમ જ થાય ? અથવા દિવાળી એટલે મકાનનો જૂનો કચરો કાઢી નાખવો અને નવું બનાવવું શું એમ જ થાય ? તો ખરેખર દિવાળીનો અર્થ શું થાય ?

તો દિવાળી એટલે મકાનનો કચરો કાઢી નાખવો અને જૂના હિસાબી-ચોપડા ચૂકતે કરવા તેમ નહીં પણ કોઇ સત્સંગી સાથે કોઇ કારણસર મન કચવાયું હોય તો તે દિવાળી પર્વમાં ભૂલી જઇ ફરીથી સત્સંગમાં જોડાઇ ભગવાનની ભક્તિ કરવી તેમ થાય.

શ્રીજી મહારાજ કથામાં વારંવાર ટકોર કરતા હતા કે, 'અમારા સત્સંગીઓએ પ્રથમ મનનો કચરો કાઢી નાખી મનને શુદ્ધ કરવું. ત્યાર પછી જ પરમાત્માને રાજી કરી પ્રસન્નતા મેળવી શકાય.' મનનો કચરો એટલે રાગ, દ્વેષ, ઈર્ષા, મિથ્યા, અભિમાન, વિષયવાસના વગેરેનો સમાવેશ થાય છે.

મનનો કચરો કાઢી સત્સંગી અને એકાંતિક ભક્ત બનવા માટેનું એક આ પર્વ છે.

પ્રથમ તો નવા વર્ષની મંગલ પ્રભાતે સૂર્યદેવના મંગલકિરણો આપના જીવનને મંગલમય અને આનંદિત બનાવે તેવી શ્રીહરિને પ્રાર્થના કરીએ અને શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રસ્થાપિત શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ પાસે નિર્દોષ હૃદયથી પ્રાર્થના કરી આટલું માગીએ.

૧. હે નારાયણ પ્રભુ ! તમારા સ્વરૂપનો દઢ નિશ્ચય થાય અને તેમાં કોઇ શંકા - કુશંકા કે સંકલ્પ ના થાય.

૨. હે અક્ષરધામના અધિપતિ ? મહાત્મય જ્ઞાન યુક્ત તમારી ભક્તિ હંમેશાં હું કરી શકું તેવી આપ કૃપા કરો.

૩. હે ધર્મકુંવર ? તમારા ભક્તપણાનો મને અહંકાર ન આવે અને કોઇ જાતનો દોષ ન રહે.

૪. હે શ્રીજી મહારાજ ? તમારા ભક્તનો મારાથી કોઇ પ્રકારે દ્રોહ ન થાય તેવી કૃપા કરો.

૫. હે ભગવાન ? તમારા એકાંતિક ભક્તનો સદા સમાગમ આપશો.

૬. હે સુખધામ ? તમારા દાસનો દાસ કરી મને તમારી પાસે રાખજો.

૭. હે પ્રભુ ? મને નિરંતર તમારી પાસે રાખજો.

તો હવે ભગવાન શ્રી હરિ પાસે પ્રાર્થનામાં આટલી વસ્તુ માગીએ છીએ તે ભગવાન જરૂર આપશે. તેમાં કોઇ શંકા નથી પણ આપણે ભગવાન શ્રી હરિનો રાજીપો મેળવવા માટે આપણે પણ ધર્મના વિકાસ અને મજબૂત પાયા માટે કંઇક આપવાની કે કંઇક કરવાની જરૂર છે. જીવનનો નિયમ છે કે, 'કંઇક મેળવવા માટે કંઇક ગુમાવવું પડે છે.' ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણા ઉપર રાજી રહે તે માટે નવા વર્ષના મંગલપ્રભાતે આ સંકલ્પોનો દઢ વિશ્વાસ કરીએ. દિવાળી પર્વની સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય કેવી રીતે જોડાયેલો છે. તે હવે સમજીએ.

૧. દીપાવલિ એટલે મીણબતી કે કોડીયામાં જ્યોત પ્રગટાવી પ્રકાશ ફેલાવવો એમ નહીં પણ અંતરની જ્યોત ભજન-ભક્તિ અને ધૂન્યથી પ્રગટાવી જીવન અને સત્સંગમાં પ્રકાશ ફેલાવવો એ નવા વર્ષની મંગલ પ્રભાત.

૨. જો આપ સત્સંગી હોય તો આપ શ્રીજી મહારાજના પાકા સત્સંગી અને એકાંતિક ભક્ત બની શ્રી હરિની પ્રસન્નતા મેળવો, જો આપ સત્સંગી ન હોય તો આજની નવા વર્ષની મંગલ પ્રભાતથી આપનું જીવન સત્સંગ મય બનાવો.

૩. દરરોજ સવારમાં વહેલા ઉઠી ભગવાનની પૂજા કરી, ત્યારબાદ માતા-પિતાને જય શ્રી સ્વામિનારાયણ કહી આશીર્વાદ લો.

૪. પૂજા કર્યા બાદ શિક્ષાપત્રીનું વાંચન અવશ્ય કરો, તેના શ્લોકો જે ભગવાન શ્રી હરિની વાણી છે. તેનું ચૂસ્તપણે પાલન કરો. અથવા પાલન કરવા માટે ધીમે ધીમે કેળવાવો. શિક્ષાપત્રીમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને આશીર્વાદ અને આજ્ઞા બન્ને આપેલ છે. હવે જુઓ આશીર્વાદ આપેલ છે કે, જે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિ નિશ્ચય પામશે. અને આજ્ઞા આપેલ છે કે, જે આ શિક્ષાપત્રી પ્રમાણે નહીં વર્તે તે અમારા સંપ્રદાય થકી બહાર છે. અને તે સુખી પણ થાશે નહીં.

૫. આપ આજે એક નિયમ અવશ્ય લો કે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સવારે અથવા સાયંકાળે એક વખત દર્શન કરવા અવશ્ય જાવું.

તો વાચક મિત્રો ! આ દિવાળીની અને જયાં મંદિરના હોય તેવા ભક્તો ઘરને જ મંદિર બનાવો.

આ ભેટ સાથે સૌને નવા વર્ષના જય શ્રી સ્વામિનારાયણ

# આસ્થા

– વસંત કરશનભાઇ પોકાર, ભાલેજ

આ જગતમાં ઘણા માણસોને મનોમન એમ થાય છે કે આ જગતમાં ઇશ્વર જેવું કશું છે જ નહિ. તેઓ વિચારે છે કે શું ખરેખર ઇશ્વર છે ખરો ? ને જો હોય તો તે ઇશ્વર દેખાતો કેમ નથી ? આથી ઘણાના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આ જગતમાં ઇશ્વર છે કે કેમ ? તેનો જવાબ મેળવવા માટ આ સૃષ્ટિ ઉપર નજર દોડાવીએ તો કેટલાક આશ્ચર્ય અને ઐશ્વર્યોનો અનુભવ થશે.

આ માનવનું શરીર બનાવનાર કોણ ? આત્માનો દેનારો કોણ ? મર્યા પછી આત્માનું શું થતું હશે ? આજે કલર લેવા બજારમાં જઇએ છીએ તો પચાસ ટકા કલર પણ ઝાંખા થતાં જોવા મળશે. તો પાકો કલર બનાવનાર કોણ ? મોરનો, કાગડાનો, પોપટનો, ચકલીનો કલર કોણે બનાવ્યો હશે ? પાંદડાનો પાકો કલર બનાવનાર કોણ હશે ? આ પૃથ્વી કોણે બનાવી હશે ? વેગેરે... વસ્તુ હોય તો વસ્તુનો રચયિતા કોણ હશે ? માટીનો ઘડો દેખાય છે તો તેને બનાવનારો કુંભાર તો હોય જ. આ તારાઓને બનાવનાર કોણ ? આ તારાઓને પકડી રાખનાર કોણ ? કુદરતની કરામત તો જુઓ સૂર્યને આપણાથી જેટલો દૂર રાખવો જોઇએ તેટલો જ દૂર રાખ્યો છે. જો વધારે નજીક રાખ્યો હોય તો આપણે બળી જાત.

બ્લડ બેંક વિષે તો આપણે જાણીએ જ છીએ. લોહીની રાખરખાવટ પાછળ કેટલો ખર્ચ કરવો પડે છે. તો લોહીનો બનાવનાર કોણ હશે ? જો આ વસ્તુ જ હોય તો આ વસ્તુને બનાવનારનો તો હોય જ ને ? ત્યારે આપણે કહેવું પડશે કે આ બધી વસ્તુનો બનાવનારો એક ઇશ્વર જ છે. પછી પ્રશ્ન થાય કે બનાવનાર ઇશ્વર હોય તો એ ઇશ્વર દેખાતો કેમ નથી ? એ માટે પુરાણોમાં ઇશ્વર વિશે કહેવાયું છે કે અત્ર તત્ર સર્વત્ર તા અણુ અણુ અને કણ કણમાં ઇશ્વરનો વાસ છે. તો એ ઇશ્વર આપણને દેખાતો કેમ નથી ? દૂધમાં માખણ રહેલું છે પણ દેખાતું નથી. મીઠાઇમાં ખાંડ રહેલી છે પણ દેખાતી નથી. પણ ખાઇએ ત્યારે આનો અનુભવ જરૂર થાય. એ વાત કબુલ પણ એ અનુભવેતો ઇશ્વર દેખાતો કેમ નથી ? તમે ગીતા વાંચી હશે ગીતામાં અર્જુન પોતાના સારથી શ્રી કૃષ્ણને કહે છે કે રથ બંને સેનાની મધ્યમાં લઇ લ્યો. ક્રિકેટર જેમ પીચનું નિરીક્ષણ કરે તેમ અર્જુને દુશ્મન બળનું નિરીક્ષણ કર્યું. એ સમયે પોતાના સંબંધીઓને જોઇને અર્જુનનું મન પાછું પડી ગયું. ભગવાને ઉપદેશ ઘણો આપ્યો પણ અસર ન લાગતાં પ્રભુએ વિરાટ સ્વરૂપ ધારણ કરીને અર્જુનને કહ્યું તું મને જોઇ લે. ત્યારે અર્જુને બેબાકળો બની ગયો. તેમને સ્થળ રૂપે જોતો હતો પણ હવે નથી જોઇ શકતો. ત્યારે ભગવાને અર્જુનને કહ્યું મને જોવા માટે તારી આ ચામડાની આંખો નકામી છે. ભગવાને દિવ્ય અક્ષુ આપ્યા પછી જ જોઇ શક્યો.

કોઇપણ ઇશ્વરના અવતાર પાછળ તમને સૂર્ય જોવા મળશે. તે શું દર્શાવે છે કે તે ઇશ્વરનો જ એક અંશ છે. એ સૂર્ય સામે આપણે ન જોઇ શકતા હોઇએ તે આપણી આંખો અંજાઇ જતી હોય તો હજારો સૂર્યનું તેજ પણ ઝાંખું પડી જાય તેવું તેજ ધરાવનાર પરબ્રહ્મ પરમાત્માના દિવ્ય અને સાકાર સ્વરૂપને જોવાની આપણી ચામડાની આંખનું તેજ તેના તેજને ક્યાંથી જીરવી શકે ? તેથી પરબ્રહ્મ પરમાત્માને આ સ્થૂળ આંખ જોઇ શકતી નથી. જો પાત્રતા કેળવીએ તો તેનો અંતરથી અનુભવ જરૂર કરી શકાય.

આપણા શરીરમાં હૃદયને સાચવવાં હાડકાનાં પાસળાંનું કવચ કર્યું. જેથી તેની ઇજા ન થાય તે ઇશ્વરની સુરક્ષા કેવી સરસ ? સૂર્ય, ચંદ્ર, સિતારા કોને પ્રતાપે ઝળહળે છે.

વળી શ્રીજી મહારાજ ગ.પ.પ્ર.ના ૨૭માં વચનામૃતમાં કહે છે. ‘‘આ પૃથ્વી જેની રાખી સ્થિર રહે છે અને ડોલાવી ડોલે છે તથા તારામંડળ જેનું રાખ્યું અદ્ધર રહ્યું છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક-કાન આદિક ઇંદ્રિયો થઇ આવે છે તથા આકાશને વિશે અદ્ધર જળ રાખી મુકયું છે અને તેમાં ગાજવીજ થાય છે. એવા અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યા જ થાય છે.’’ માટે ભગવાન છે અને તે પણ સાકાર છે આવું ફલિત થાય છે માટે આપણે મળેલા ભગવાનને સાચા ભાવથી ભજી આપણું કાર્ય કરી લેવું.

# જો માંગતા આવડે તો

- અતુલ બી. પોથીવાલા

શ્રી નરનારાયણદેવનાં ચરણકમલોમાં સમર્પિત એકવાર શ્રી હરિ ગામ દદૂકાથી મછીઆવ જઇ રહ્યા હતા. ઊનાળાના દિવસો હતા. ચૈત્રી બપોર ધોમધખતો હતો. માર્ગમાંથી પસાર થતાં રસ્તામાં શ્રીજી મહારાજ તથા સંતો અને કાઠી ભક્તોને તરસ લાગી. ત્યાં એક ખેતર આવ્યું અને મહારાજ ઊભા રહ્યા. માણકી ઉપરથી નીચે ઉતર્યા અને ખેડૂતને પૂછ્યું, ''ભાઇ, પીવાનું પાણી મળશે ?''

ખેડૂત તો રાજીનો રેડ થઇ ગયો. અટાણે મારે ખેતરે ભગવાન પધાર્યા ! તરત જ મહારાજનાં ચરણસ્પર્શ કર્યા અને કહે, ''હા, મહારાજ ! આજે જ નવું માટલું ભર્યું છે, લ્યો ધરાઇને પાણી પીવો.'' પટેલનું તો કામ થઇ ગયું. એણે મહારાજને ઠંડુ અમૃત સમ પાણી આપ્યું. સાથે આવેલ સંતો તથા કાઠી દરબારોએ પણ પાણી પીધું. બધાને ખૂબ ટાઢક વળી.

મહારાજ એ કણબી ખેડૂત ઉપર અતિશય રાજી થયા. બોલ્યા, ''માગો પટેલ ! જે જોઇએ તે માગી લો!''

''બસ મહારાજ ! આપ તથા સંતો અમ ગરીબના ખેતરે પધાર્યા, આપના આવાં સુંદર દર્શન થયાં, બહુ આનંદ થયો. આ ખેતર છે તે ઘર માટે ખાવા પૂરતું મળી રહે છે. બીજું કાંઇ જોઇતું નથી. છતાંય જો આપને આપવું જ હોય તો એક વરદાન આપો : આપની આ શ્વેતવસ્ત્રધારી અને રૂપાળાં છોગલાંવાળી આ મનોહર મૂર્તિ અમને જીવન પર્યંત અખંડ દેખાય એ વર આપો.''

શ્રી હરિ, ખેડૂતના આવા સાદા અને સંતોષી જીવન તથા ઉમદા વિચારોથી બહુ હરખાયા. ''તથાસ્તુ'' કહીને - માતા જેમ બાળકના માથે હાથ મૂકે-તેમ પ્રેમથી માથે હાથ મૂક્યો. બસ, તે દિ'થી ખેડૂતને શ્રી હરિની મૂર્તિ આજીવન અખંડ દેખાવા લાગી.

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજ પધરાવ્યા પછી કોઇક કુસંગીએ વજેસિંગજી મહારાજના કાન ભંભેર્યા ને કહ્યું, ''સ્વામિનારાયણે તો ગઢપુરમાં કોઠો કર્યો છે ને તેમાં દારૂગોળો ભર્યો છે.'' પરંતુ દરબાર તો મહારાજનાં હેત વાળા હતા એટલે પોતે જાતે શ્રીજી મહારાજને મળવા તથા મંદિર જોવા સારું ગઢપુર આવ્યા.

દરબાર પ્રથમ શ્રીજી મહારાજના દર્શને આવ્યા. મહારાજે પ્રેમથી એમનું સન્માન કર્યું. પછી મહારાજ તથા વજેસિંગજી બંન્ને ગોપીનાથજીનાં દર્શને ગયા.

શ્રી હરિ આથમણી કોરના દરવાજે ઊભા રહ્યા અને વજેસિંગજી ને કહ્યું, ''જુઓ દરબાર ! તમને કોઇક ભરમાવતું હશે કે સ્વામિનારાયણે કોઠો કર્યો છે, પણ જુઓ, અમે તો ગોપીનાથજી મહારાજ દેવને આપના રાજ્યમાં પધરાવ્યા છે.'' તે સાંભળી દરબાર અહોભાવ પૂર્વક બોલ્યા, ''મહારાજ ! જે કોઇ પાજી પલાવ ભલે ગમે તેમ બોલતા હોય, પણ અમારા રાજ્યમાં જ્યારથી આપે ગોપીનાથજીને પધરાવ્યા છે તે દિ'થી અમારી તો ચઢતી ને ચઢતી કળા છે.'' ત્યાર પછી ગોપીનાથજીની સેવામાં રહેતા આનંદાનંદ બ્રહ્મચારીસ્વામીએ મોટો પતાસાનો થાળ શ્રી હરિ સમક્ષ મૂક્યો. મહારાજે હાથનો સ્પર્શ કરી તે થાળ દરબારને આપ્યો. બ્રહ્મચારીએ બે હાર મહારાજને તથા એક હાર દરબારને પહેરાવ્યો.

પછી મહારાજ વજેસિંગજીનો હાથ ઝાલીને તેમને મંદિરમાંથી ઉગમણે દરવાજે લઇ ગયા. સાક્ષાત પરમેશ્વરનો સ્પર્શ થતો જ વજેસિંગજીના તન-મનમાં આનંદની લ્હેરખી વ્યાપી ગઇ ! તૂરત જ બોલ્યા, ''હે મહારાજ ! હવે આમ ને આમ અમારો હાથ કાયમ ઝાલી રાખજો.''

મહારાજ મંદમંદ હસ્યા અને બોલ્યા, ''અમે તો હાથ ઝાલવા જ આવ્યા છીએ અને ઝાલી રાખીશું, જોતમે નહીં મૂકાવો તો !'' કેટલું સુંદર માંગી લીધું - એક અદના ખેડૂતે અને એક ભાવનગરના મહારાજાએ એકે મહારાજની મૂર્તિ અને બીજાએ મહારાજનો હાથ - સદાને માટે માગી લીધા !

શ્રી હરિ તો સ્નેહના ભૂખ્યા છે. માગવાની રીત જો આવડે તો બસ આ ને આ દેહે જ કલ્યાણ છે !! દીપાવલિના આ નવલા પ્રસંગે શ્રી હરિની મનોહર મૂર્તિનું અખંડ અનુસંધાન સ્હેજે સ્હેજે રહે એવી પ્રાર્થના કરીએ.

# આયુર્વેદિક સરળ ઉપચાર

## એલર્જી



# રોગોની ઘરગથ્થુ સારવાર

- મહેન્દ્ર બી. દવે, માંડવી

લેખ નં. ૮૦ (હપ્તો - ૧)

લગભગ દરેક બીજી વ્યક્તિ સળેખમ (શરદી)થી પીડાતી હોય છે. કેટલીક વ્યક્તિઓમાં રોગ સહન કરવાની શક્તિનો અભાવ હોય છે. જો શરદીની યોગ્ય સારવાર કરવામાં ન આવે તો દમ થવાની શક્યતા છે.

સળેખમની સારવાર :- જરૂર પ્રમાણે ૫ થી ૧૦ ગ્રામ તજનો પાવડર લઇ એક ગ્લાસ પાણીમાં બરાબર ઉકાળવું. અડધું પાણી બળી જાય પછી તેમાં ત્રણ ચમચી ખાંડ અને એક કપ દૂધ નાખી થોડી વાર ઉકાળી, ગાળીને પી જવું. દિવસમાં બે વખત ત્રણ દિવસ સુધી આવું જેથી શરદી મટે છે એ સિવાય એક અથવા બે ઉપવાસ, તે દરમ્યાન ગરમ પાણી પીવું. મીઠાના પાણીના કોગળા કરવા, સાકર અને મરીનો પાવડર અડધા ગ્લાસ દૂધના પ્રમાણમાં ઉકાળી સવાર, સાંજ પીવું. નીલગીરીના (યુકેલિપ્ટસ) ટીપાં રુમાલમાં નાખી સુંઘવા. ચોખ્ખા ઘીમાં એક ચમચી શેકેલી હળદરનું ચૂર્ણ દિવસમાં બે વખત ગરમ દૂધમાં ભેળવી થોડા દિવસ સેવન કરવું. આના સેવનથી એલર્જીથી થતી શરદીમાં લાભ થાય છે.

ઉધરસ - ખાંસી :- બંગલા પાનમાં (નાગરવેલ પાન) બે ચમચી શેકેલી હળદર અને બે ચપટી જેઠીમધ પાવડર નાખી મોઢામાં તેનો રસ ચૂસવો. એક ગ્લાસ પાણીમાં બે ચમચી ગળો પાવડર અને બે ચમચી જેઠીમધ પાવડર નાખી બરાબર ઉકાળી ૨૧ દિવસ સુધી પીવાથી કોઇ પણ જાતની ઉધરસ મટી શકે છે. ઉધરસ સાથે જો શરદી પણ હોય તો બે ચમચી મધમાં બે ચમચી આદુનો રસ ભેળવી સાથે બે ચપટી લવીંગ પાવડર ભેળવી દિવસમાં બે વખત ચાટી જવાથી થોડા દિવસમાં મટે છે.

મોઢામાં ચાંદા :- જો કબજિયાત રહેતી હોય અને પાચનક્રિયા બરાબર ન હોય તો મોઢામાં ચાંદા થઇ શકે છે. આના માટે એક ગ્લાસ પાણી બરાબર ગરમ કરી તેમાં એક ચમચી વાટેલું જીરૂ, એક ચમચી ફટકડી પાવડર અને એક ચપટી એલચી પાવડર બરાબર ભેળવી આ પાણીના કોગળા દિવસમાં બે-ત્રણ વખત કરવા. અને એ જ પાણી થોડુંક પી જવું. અને રાતે સુતી વખતે બે ચમચી હરડેચૂર્ણ પાણી સાથે લેવું. આની સાથે દિવસમાં બે-ત્રણ વખત ચમેલીના પાંદડા અથવા બાવળના પાંદડા ચાવવા આ પ્રયોગો થોડા વખત ચાલુ રાખવા જેગી મોઢામાં ચાંદા મટે છે.

બાળકોને ઝાડા થવા :- મોટા ભાગે બાળકોને દાંત આવે ત્યારે લીલા-પીળા ઝાડા વારંવાર થયા કરે છે. આ વખતે માજુફળ, ધાણા અને વરિયાળીને સમાનભાગે લઇ ચૂર્ણ બનાવી રાખવું આ અડધી ચમચી ચૂર્ણ કલાકે - કલાકે આપવાથી ઝાડા બંધ થાય છે.

શિરોવેદના :- માથાનો દુઃખાવો અનેક કારણોથી થઇ શકે છે. લવીંગનું તેલ અથવા પાવડર દિવસમાં બે-ત્રણ વખત કપાળે ઘસવું. બે ચપટી સૂંઠને બકરીના દૂધમાં કાલવીને નાકના બંને છિદ્રમાં એક-એક ટીપું દિવસમાં બે વખત નાખવાથી દુઃખાવામાં આરામ પહોંચે છે. આધાશીશીનો દુઃખાવો હોય તો ૧૦ અથવા ૧૫ નંગ કાળા મરીને ભાંગરાના રસમાં વાટીને જરા નવશેકું કરી દુઃખાવા વાળા ભાગમાં લગાડવું આ લેપથી આરામ થાય છે. થોડી સૂંઠને પાણીમાં વાટી કપાળે લેપ કરવાથી આધાશીશી મટે છે. પથ્યાદિ કવાથની બે ચમચી સવાર-સાંજ પાણી સાથે થોડો સમય લેવું ફાયદો થશે.

ઊંઘ ન આવવી :- જો કોઇ વિશેષ કારણે અથવા માંદગીના લીધે ઊંઘ ન આવતી હોય તો કોથમીરના રસમાં સમભાગે સાકર મેળવી ધીમા તાપમાં ચાસણી બનાવવી. પછી બે-ત્રણ ચમચી પાણી સાથે પીવાથી સારી ઊંઘ આવે છે. અથવા રાતે સૂતી વખતે ગંઠોડાનું ચૂર્ણ બેથી ત્રણ ચમચી એક ગ્લાસ દૂધમાં ઉકાળી પછી ઠંડુ થયે પીવાથી સારી ઊંઘ આવે છે. (અપૂર્ણ)

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## પંચાહ્ન કથા પારાયણ

તા.૨૬-૯-૧૨, આશ્વિન માસના શુકલપક્ષની ૧૧, બુધવાર થી તા.૩૦-૯-૧૨ આશ્વિનમાસના શુકલપક્ષની ૧૫, રવિવાર સુધી ૫ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાનું આયોજન બન્ને મંદિરમાં કરવામાં આવ્યું. સાથે ૧ દિવસ સંહિતાપાઠ કરવામાં આવ્યો.

કથાના યજમાનપદે ગામ સુખપરના હ.ભ.કરસન સામજી વાગડીયા રહ્યા હતા.

કથાના વકતા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ ''શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર'' શાસ્ત્રની કથાનું સુરુચિકર શૈલીમાં રસમય શ્રાવણ કરાવ્યું. વકતા સ્વામીજીએ પોતાની આગવી છટાપૂર્વક વ્યવહારિક દષ્ટાંતો સાથે કથા સંભળાવી સૌને રાજી કર્યા.

કથા સમાપ્તિ પ્રસંગે મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાન પરિવારને ફૂલહાર તથા પહેરામણી ભેટથી સન્માનિત કરી શુભ આશીર્વાદ આપ્યા.

મંદિરના શાસ્ત્રીજી મહારાજે યજમાનશ્રી દ્વારા સમાપ્તિ પૂજન, વ્યાસપૂજન તથા આરતી આદિક વિધિ કરાવ્યો. ત્યારપછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## સરસ્વતી પૂજન મહોત્સવ

વિક્રમ સંવત્સરનો છેલ્લો માસ આશ્વિન શારદી તહેવારોથી ઝગમગે છે. આ તહેવારોમાં આસો સુદ-૧ થી ''નવનોરતાં'' - નવરાત્રિના તહેવાર વચ્ચે વાગ્દેવી સરસ્વતી માતાના પૂજનનો મહોત્સવ ઉજવવામાં આવે છે. દેશભરમાં વિદ્યાપારંગત પંડિતો દ્વારા ઉજવવામાં આવતો આ તહેવાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં આપણાં મંદિરોએ પણ ઉજવવાની પ્રણાલિકા ચાલુ રાખી છે.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આસો સુદ-૬, રવિવાર થી આસો સુદ-૮ મંગળવાર સુધીના ત્રણ દિવસોમાં સરસ્વતી પૂજનનો મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આસો સુદ-૬ તા.૨૦-૧૦-૧૨ રવિવારે શ્રી સરસ્વતી દેવીનું વેદમંત્રોથી વિધિસર આવાહન કરવામાં આવ્યો. સંતોએ રચેલ ગ્રંથ મંદિરમાં શ્રી સરસ્વતી દેવીની સ્થાપના કરવામાં આવી.

આસો સુદ-૭ તા.૨૧-૧૦-૧૨ સોમવારે શ્રી સરસ્વતી દેવીનું વિધિપૂર્વક વેદશાસ્ત્રમંત્રોથી વિશિષ્ટ પૂજન કરવામાં આવ્યું.

આસો સુદ-૮ તા.૨૨-૧૦-૧૨ મંગળવારે સુકોમેવો, ફળફળાદિ, મીઠાઇ વગેરે સાત્વિક વ્યંજનોના ઉપહારથી બલિ (ભોગ) ધરવામાં આવ્યો. દરરોજનો પૂજન વિધિ મંદિરની સંસ્કૃત પાઠશાળાના શાસ્ત્રીજીએ સંપન્ન કરાવ્યો.

સમાપ્તિ પૂજનની આરતી પ.પૂ.સ.ગુ.મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજીએ તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પ.પૂ.કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોએ સાથે રહી ઉતારી હતી.

હરિભક્તોએ દરરોજના ઉત્સવ-પૂજનનાં દર્શનનો લાભ લઇ ભકિત ભાવનાને તુષ્ટ કરી.

વિદ્યાર્થી સંતોએ ઉત્સવનું આયોજન અને ગોઠવણ ઉત્સાહ પૂર્વક કરી દરરોજના કાર્યક્રમને સક્રિય રહી સફળ બનાવ્યો.

## ચમક - ઝમક

• ભાદ્રપદ શુકલ અષ્ટમી તા.૨૩-૯-૧૨ રવિવારે રાધા અષ્ટમી હોવાથી રાધિકાજીને સુંદર વસ્ત્રાભૂષણ ધરાવવામાં આવ્યાં. બપોરે બારને ટકોરે પ.પૂ.મહંત સ્વામીએ આરતી ઉતારી.

• ભાદરવા સુદ એકાદશી તા.૨૬-૯-૧૨ બુધવારે વામન જયંતી (મધ્યાહન વ્યાપી દ્વાદશી હોવાથી), તથા પરિવર્તિની એકાદશી તથા જલઝીલણી એકાદશીનો ત્રિવેણી યોગ થયો. ભગવાને વામન સ્વરૂપે દર્શન આપ્યાં. યોગનિદ્રામાં પોઢેલા વિષ્ણુ ભગવાને પડખું ફેરવ્યું, અને શ્રીહરિને પૂજારી મંડળે સરોવરમાં યાંત્રિક બોટદ્વારા સહેલગાહ કરાવી બપોરે ૧૨ વાગતાં પ.પૂ.મહંત સ્વામીએ વામન ભગવાનની આરતી ઉતારી.

• આશ્વિન શુકલ પૂર્ણિમા - શરદપૂનમના ઉત્સવે કૃષ્ણ કનૈયાએ ગોપીઓ સાથે ખેલેલા રાસનું, નરસિંહ મહેતાને કરાવેલાં રાસનાં દર્શનનું અને ભગવાન સ્વામિનારાયણે ઝીણાભાઇના દરબારમાં ખેલેલા સદા સ્મરણીય રાસની યાદ કરાવી.

ઠાકોરજીને રાત્રે દૂધ પૌંઆનો પ્રસાદ ધરાવવામાં આવ્યો અને શરદપૂનમની રાત્રિના રાસ મહોત્સવનું આયોજન થયું. કીર્તન ભકિત સંગીતના સથવારે હરિભક્તોએ રાસક્રીડાનો આનંદ માણ્યો. સંતવર્યોના આશિર્વાદ અને દૂધપૌંઆના મધુર પ્રસાદ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

• આસો સુદ દશમ તા.૨૪-૧૦-૧૨ બુધવાર વિજયાદશમીના દિવસે શ્રીહરિએ હાથી ઉપર સુવર્ણઅંબાડીયાં ઢાલ તલવાર સહિત બિરાજમાન થઇ હરિભક્તોને ભવ્ય દર્શન આપ્યાં !

• ભાદરવા વદ દશમી, તા.૧૦-૧૦-૧૨ બુધવારે પૂજારી મંડળે બપોર પછી ઠાકોરજીને ફૂલના વાઘા ધરાવ્યા. સાંજે ૫.૩૦ વાગ્યે ધૂન તથા મહાઆરતીનું આયોજન મંગલમય બન્યું.

- અહેવાલ : ઓ.વ્યાસ

---

## વિદેશ સમાચાર — સ્ટેનમોરમાં ઉજવાયો ઈન્ટરનેશનલ સેવા ડે

શ્રી સ્વામિનારાયણ ટેમ્પલ- ધર્મ ભક્તિ મેનર, સ્ટેનમોરમાં રવિવાર તા.૭-૧૦-૨૦૧૨ના રોજ ઇન્ટરનેશનલ સેવા ડે ઉજવવામાં આવ્યો હતો જેમાં ૩૫૦ થી વધારે, ત્રણ વર્ષના બાળકથી માંડીને વડીલ વોલેન્ટીયરોએ (સ્વયંસેવકોએ) ભાગ લઇ આપણી સત્તર એકરની જમીન ઉપર ઘણા બધા ઝાડની, ગીવીંગ ઇઝ લીવીંગની સાથે મળીને વાવણી કરી હતી. આ ઉત્સવની શરૂઆત વહેલી સવારના આપણા મંદિરના મહારાજ દ્વારા ભગવાનનું પૂજન કરીને કરવામાં આવી હતી.

ત્યાર બાદ, ઝાડ રોપણની શરૂઆત આપણા મંદિરના પ્રમુખશ્રી ખીમજીભાઇ ખેતાણી દ્વારા કરવામાં આવી. ત્યાર પછી આ દેશના અનેક નેતાઓ, સરકારી કર્મચારીઓ જેવા કે હેરો ઇસ્ટના એમ.પી. બોબ બ્લેકમેન, બરો કમાન્ડર પોલીસ કમીશ્નર ડાલ બાબુ, હેરોના મેયર નીઝમ ઇસ્માઇલ, હેરો કાઉન્સીલ લીડર બીલ સ્ટીફનસન વગેરેએ ઝાડ રોપવાનો લાભ લીધો. મોટા ઉધોગપતિઓ તથા હરિભક્તોએ કુટુંબ સહીત ભાગ લીધો હતો. વળી જેમ સોનામાં સુગંધ ભળે તેમ આપણા ભુજ મંદિરના ૭ સંતોએ પણ આ અવસરને પાવન કરી ઝાડ રોપ્યું હતું, અને સૌને આશીર્વાદ અને ધન્યવાદ આપ્યા હતા. ઝાડ રોપણતો કરવામાં આવ્યા પણ સાથે સાથે આપણી જે સત્તર એકરની જમીનમાં સર્વે જગ્યામાં નીંદ બોદ તથા સફાઇ કરવામાં આવી હતી. નાના બાળકોએ દિવાળીમાં પ્રગટાવવા દીવા માટે માટીના નાનાં નાનાં કોળીયા બનાવ્યાં, યોગનમાં પડેલો કચરો સાફ કર્યો, નાની લોટી લઇને ઝાડને પાણી આપ્યું વગેરે સેવામાં ભાગ લીધો હતો. સૌના અંતરમાં સેવા કરવાનો આનંદ હતો. આ ઉત્સવમાં ભાગ લેનાર સર્વેનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે અને આવોને આવો લાભ આવતા ઉત્સવોમાં અને બીજી સેવાઓમાં લેતા રહેશો. જય શ્રી સ્વામિનારાયણ.

- અહેવાલ : વિકેશ વાઘાણી, સ્ટેનમોર

# સત્સંગ સમાચાર

## રાજ્યકક્ષાએ હેન્ડબોલ સ્પર્ધામાં ગૌરવભરી જીત



શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રી નરનારાયણદેવ ગર્લ્સ એકેડેમી અને શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટયૂટ આ ત્રણેય સંસ્થાની વિદ્યાર્થિનીઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ હતી. જેમાં અન્ડર-૧૯ હેન્ડબોલમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન કરી અને સંસ્થાની ચાર વિદ્યાર્થિની રાષ્ટ્રીય લેવલે રાજ્ય વતી રમવા જશે. તેમજ મહિલા ઓપન પ્રાપ્ત હેન્ડબોલમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

એથલેસ્ટિકમાં અન્ડર-૧૪, અન્ડર-૧૭, અન્ડર-૧૯, ઓપનમાં જીલ્લા લેવલે ૨૪ વિદ્યાર્થિનીઓ પ્રથમ સ્થાને, ૧૧ વિદ્યાર્થિનીઓ દ્વિતીય સ્થાને, અને ૧૧ વિદ્યાર્થિનીઓ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થિનીઓ હવે રાજ્ય કક્ષાએ કચ્છ જીલ્લાનું નેતૃત્વ કરશે. સમગ્ર રમત-ગમતક્ષેત્રે સંસ્થાની વિદ્યાર્થિનીઓએ સમગ્ર જીલ્લામાં સૌથી વધુ રમતમાં મોખરાનું સ્થાન મેળવી રમત-ગમત ક્ષેત્રે સંસ્થાને ગૌરવ અપાવેલ છે.

સંસ્થાની સાંસ્કૃતિક ક્ષેત્રે વિદ્યાર્થિનીઓએ રાસ-ગરબા હરીફાઈમાં જીલ્લા કક્ષાએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ, અર્વાચીન ગરબામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી અને હવે રાજ્ય કક્ષાએ પ્રાચીન ગરબા હરીફાઈમાં ભાગ લેવા જશે.

- આચાર્ય

## શ્રી સહજાનંદ ગુરૂકુલ માનકુવા મધ્યે બાળ મહોત્સવ

જિલ્લા કક્ષાના બાળમહોત્સવનું આયોજન શ્રી સહજાનંદ ગુરૂકુલ માનકુવા ખાતે યોજાયેલ. જેમાં કચ્છ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓનાં (૨૫૦) જેટલા બાળકો ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના સંચાલક શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ આશીર્વચન આપી સ્પર્ધાત્મક યુગમાં તમામ મોરચે સજાગ રહી પ્રગતિ કરવાની શુભેચ્છા પાઠવી હતી. આ સંસ્થાના અધ્યક્ષશ્રી સદ્.સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્.સ્વામી શ્રીહરિદાસજી, પુ.સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, પૂ.સ્વામી અક્ષરવિહારીદાસજી, શ્રી રામજીભાઈ ગોપાલ દબાસીયા, શ્રી લક્ષ્મણભાઈ સામજી શિયાણી, શ્રી વાલજીભાઈ કરસન જોધાણી, શ્રી લાલજીભાઈ નાથા વરસાણી વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થિઓને શુભેચ્છા પાઠવી હતી. સંસ્થા દ્વારા વિજેતા બાળકોને શિલ્ડ તથા ચંદ્રક એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. રમત-ગમત કચેરી ભુજનાં શ્રી ઝાલાભાઈ, શ્રી દેત્રોજાભાઈના માર્ગદર્શન હેઠળ શ્રી સિંઘલભાઈ તથા શાળાના શિક્ષકોએ આયોજનને સરલતાથી પાર પાડયું હતું. સાથોસાથ જિલ્લાકક્ષાનો બાળ નાટક તેમજ નૃત્યનાટિકાનું આયોજન પણ અત્રેની સંસ્થા ખાતે

આયોજિત કરવામાં આવેલ. જેમાં કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાનાં બાળકોએ કળાનાં ઓજસ પાર્થયા હતા.

જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજિત કચ્છ જીલ્લા બાળ મહોત્સવમાં બી વિભાગની વકતૃત્વ સ્પર્ધામાં અત્રેની શાળાનો વિદ્યાર્થી કાપડી ચેતન અરવિંદભાઇએ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે વાઘમશી કિશન રતિલાલે એજ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવી શાળા સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અન્વયે પંચશીલ વિષય આધારિત સ્પર્ધામાં અત્રેની શાળાનો ધો.૮ નો વિદ્યાર્થી વાઘમશી કિશન રતિલાલે સી.આર.સી., બી.આર.સી.માં પ્રથમ સ્થાન મેળવી શાળા-સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

વિદ્યાર્થીઓમાં રહેલી આ શક્તિને સંસ્થાના સંચાલક સંતશ્રીઓ તથા શાળાના આચાર્યશ્રી, ને શાળાના શિક્ષક મિત્રોએ વધાવી અભિનંદન પાઠવી દરેકક્ષેત્રે પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આવકાર તેમજ પ્રાસંગિક પરિચય શાળાનાં આચાર્યશ્રી વિપુલભાઇ મહેતા જ્યારે સંચાલન શ્રી અનિલભાઇ મિસણે કર્યું હતું.

- શા.સ્વામી ગોલોકવિહારીદાસજી

## શાળા ગૌરવ : નારાણપર

તા.૨૮-૯-૧૨ના રોજ જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજિત બાળ પ્રતિભાશોધ મહોત્સવનું આયોજન માનકુવા શ્રી પુરુષોત્તમ શાળામાં કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ઘનશ્યામ એકેડમી-નારાણપરના વિદ્યાર્થીઓએ કચ્છની મહિમા ઉજાગર કરતું નૃત્ય રજૂ કર્યું હતું. જેમાં તેઓએ બીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળાનાં સંચાલક સ્વામીશ્રી નારાયણવલ્લભદાસજી, સ્વામીશ્રી ધર્મચરણદાસજી, સ્વામીશ્રી ઘનશ્યામકેશવદાસજી, સ્વામીશ્રી દિવ્યપ્રકાશદાસજી, શાળાનાં ટ્રસ્ટીશ્રી રત્નાભાઇ આદિ શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદ સાહેબે બાળકોને અભિનંદન આપ્યા હતા અને જીવનમાં ઉત્તરોતર સફળતાં પ્રાપ્ત કરે એવા આશીર્વાદ આપ્યા હતાં.

- સ્વામી દિવ્યપ્રકાશદાસજી

## નારણપર-પસાયતીમાં ઋષિ પંચમિની મહાપૂજા

ગામ નારણપર નીચલાવાસ શ્રી સ્વામિનારાયણ બહેનોના મંદિરમાં તા.૨૦-૯-૧૨ ઋષિપંચમીના દિવસે બહેનોનું જે રજસ્વલા ધર્મના થયેલા દોષોના નિવારણ માટેનું વ્રત કરવામાં આવે છે. સિંહાસનમાં બિરાજમાન પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણની સન્મુખ પોતાની પૂજાની મૂર્તિ પધરાવી કંકુ, ચોખા, તુલસીપત્ર, પુષ્પ વડે સર્વ મંગલ નામાવલિના ૧૦૦૦ મંત્રોથી પૂજન કરવામાં આવેલ.

આ પૂજનમાં મંદિરના સા.યો.મહંત લીરબાઇ ફઇ તથા તેના શિષ્ય મંડળ આદિ સા.યો.બહેનોએ પૂજન કરાવેલ અને આ પૂજામાં ગામનાં આશરે ૭૦૦ ગૃહસ્થ બહેનોએ ભાગ લીધો હતો.

પૂજન પૂર્ણ થયા પછી માંડવીમાં બિરાજતા વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ, ઘનશ્યામ મહારાજના દર્શન કરી અને સમુદ્ર સ્નાન કર્યું અને ત્યાં જ કથા વાર્તા ધૂન કરીને પાછા નારાણપર આવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે એજ પ્રાર્થના કે વિશ્વની દરેક બહેનોને એવી શક્તિ આપો કે તે તેમના ધર્મમાં ચૂસ્તપણે પાલન કરી શકે.

- અહેવાલ : ભાવના જી. કેરાઇ

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની ધાર્મિક પરીક્ષા નારાણપર-નીચલોવાસ

તા.૩૦-૯-૨૦૧૨ના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની લેખિત પરીક્ષા લેવામાં આવી જેમાં વંદુના ૮ પદ પ્રશ્નાવલિના ૫૦ પ્રશ્નો. છ ધામનાં મંદિર. કીર્તન, વાર્તા, વચનામૃત, માનસીપૂજા, આરતી, બાળલીલામાંથી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

પરીક્ષાનું આયોજન સાંખ્યયોગી કેરાઇ વનિતાબાઇ તથા વરસાણી વનિતાબાઇએ કર્યુ હતું જેમાં પ્રથમ નંબર સેંઘાણી દિપિકા હરજી ૯૮ માર્કસ બીજાનંબરે વેકરીયા કાન્તા દિનેશ ૯૭.૫ ત્રીજાનંબરે કેરાઇ પ્રેમિલા નારણભાઇ હીરાણી અમૃત કાનજીને ૯૭ માર્કસ મળ્યા હતા આ બહેનોને મોટા સાંખ્યયોગી સામબાઇ ફઇએ કંઠી, પુષ્પમાળા- મહારાજના ચરણારવિંદ આપીને સન્માનિત કર્યા હતા. પરીક્ષામાં ૭૦ યુવતીએ ભાગ લીધો હતો.

- અહેવાલ : કેરાઇ પ્રેમિલા નારણ

---

## સુખપર : ત્રિદિવસીય રાત્રી સભા

ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા તેમજ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોની આજ્ઞા-આશીર્વાદથી સુખપુર નરનારાયણ નગર મોરા ઉપર શ્રી કષ્ટભંજન હનુમાનજી પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તા.૧૧-૮-૨૦૧૨ થી તા.૧૩-૮-૨૦૧૨ સુધી ત્રિ-દીવસીય રાત્રી સત્સંગ સભાનું આયોજન શ્રી હનુમાનજી મંદિરના ચોકમાં રાખેલ. તેના યજમાનપદે કુરજી ખીમજી ભુડિયા, ધ.પ.રતનબાઇ આદિ સહપરિવારે લાભ લીધો હતો.

શ્રી કેશરીનંદન યુવક મંડળ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને યુવતી મંડળ તથા ગામના નાના મોટા સર્વે ભક્તોએ સેવાનો લાભ લીધો હતો.

આ કથાના વકતાપદે પુરાણી સ્વામી કૃષ્ણસ્વરુપદાસજીએ ચોટદાર શૈલીમાં વિદુરનીતિ ગ્રંથના માધ્યમથી ભગવાનની લીલા તથા ઉપદેશાત્મક કથાનું રસપાન કરાવીને શ્રોતાઓને રાજી કર્યા. અને સભા સંચાલન પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યુ હતું.

અને મંડળના સંતો સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, પુ. સ્વામી નીલકંઠચરણદાસજી, શ્રીરંગદાસજી તથા સ.ગુ.સ્વામી શ્રી હરિબળદાસજી, સ.ગુ. પુ. સ્વામી બાળકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી ઇશ્વરસ્વરુપદાસજી આદિ સંતો-પાર્ષદોએ જ્ઞાનોપદેશ આપીને હરિભક્તોને રાજી કર્યા.

ત્યારબાદ યજમાન પરિવાર તથા ગામના હરિભક્તોએ સંતોનું પૂજન કરી. ધૂન, કીર્તન સાથે અને ત્રિ-દીવસીય સત્સંગ સભાની સમાપ્તિ કરી.

- અહેવાલ : કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ વતી ગોવિંદ ધનજી કેરાઇ

---

## રવાપર : શ્રી મદ્ ભાગવત સપ્તાહ કથા-પારાયણ

રવાપર ધામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં શ્રી મદ્ ભાગવત કથા-પારાયણ સપ્તાહતું તા.૧૫-૯-૨૦૧૨ થી તા.૨૧-૯-૧૨ સુધી રાત્રી કથાનું આયોજન કરવામ આવ્યું. જેમાં ભુજ મંદિરથી શા.વિશ્વવલ્લભદાસજી સ્વામી પોતાના મંડળ સાથે પધારેલ, તેઓના માર્ગદર્શન હેઠળ કથાકાર વકતાશ્રી પુ. સ્વામી

ધર્મવિહારીદાસજીના મધુર કંઠે કથા રસપાન માણવાનું સમગ્ર આયોજન કરવામાં આવ્યું.

શ્રીજી મહારાજે ચતુર્માસમાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની કથા કરવા - સાંભળવાની આજ્ઞા કરી છે. અધિક માસના દિવસોમાં કથા શ્રવણનો લાભ ગામના સત્સંગીઓ સર્વેને મળ્યો જે અનેરો લહાવો હતો.

ઉપરાંત કથા પ્રસંગોમાં તા.૧૬-૯ ની રાત્રે રામ જન્મોત્સવ તથા તા.૧૭-૯ની રાત્રે કૃષ્ણજન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. બાળસ્વરૂપ ભગવાન શ્રી કૃષ્ણને હર્ષોલ્લાસ સાથે પારણે ઝુલાવી જન્મોત્સવ સાથે રાસોત્સવ ઉજવ્યો હતો. તેના બીજા દિવસે બાળગોપાળની માખણલીલાના કથા પ્રસંગે ગામના બાળમંડળના બાળગોપાલોએ મટુકી ફોડ કાર્યક્રમ કરીને આનંદ પ્રસરાવેલ.

ભાદરવા સુદ-૪ ગણેશ ચતુર્થીની સવારે ૮ થી ૧૦ ભગવાન શ્રી ગણપતિની આહ્વાન સહ શાસ્ત્રોકત વિધિપૂર્વકની સંપૂર્ણ મહાપૂજા શાસ્ત્રીશ્રી ધર્મવિહારીદાસજી સ્વામીએ કરાવી હતી. વળી, એક કથા પ્રસંગમાં ગોવર્ધનલીલા અંતર્ગત અન્નકુટોત્સવ સહ મહાઆરતીનો ગામના દરેક હરિભક્તોએ અનેરો લહાવો લીધો.

કડવા પાટીદાર સત્સંગ સમાજે જેને ''મા''નું બિરૂદ આપ્યું છે એવા વાત્સલ્યમૂર્તિ અ.નિ.સ.ગુ. પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની નિર્વાણતિથિ ઋષીપાંચમીની રાત્રે રવાપર ગામ ઉપરાંત દયાપર, દોલતપર, ગડાણી, આમારા, નેત્રા, અંગીયા એમ સાતેય ગામના હરિભક્તો સર્વેએ વિશાળસભામાં ભેગા મળી સમાજનાં ''મા'' સમાન પુરાણી સ્વામીને ઋણ અદા કરવાના પ્રયાસરુપે તથા પ્રભુ પ્રસન્નતાર્થે ''જનમંગલ''ના પાઠ અને ''શ્રી સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન્ય કરવામાં આવી હતી.

શ્રીજી મહારાજે ગ.પ.પ્ર.૫૯માં વચનામૃતમાં કહ્યું કે, દેશ અને કાળ સર્વત્ર સરખો જ છે પણ જયાં સિદ્ધ સંતો વસે છે ત્યાં દેશ, કાળ અને ક્રિયા સર્વે શુદ્ધ થાય છે. આવા સિદ્ધ સંતો સત્સંગની પૃષ્ઠી કરી, પ્રકાશ પાથરી ભક્તોને કૃતકૃતાર્થ કરી તા.૨૧-૯-ની રાત્રે કથા પારાયણની પૂર્ણાહુતિ કરી બીજે દિવસે વિદાય લીધી હતી. સંતમંડળની સાથે સમાજના પ્રમુખશ્રી લાલજીભાઇ સાંખલા તથા ટ્રસ્ટી મંડળ સર્વે તેમજ સાંખ્યયોગી બહેનો સર્વેએ નિતનવીન ઉત્સાહ પીરસીને ભક્તોને ઉમંગ જાળવી રાખી આયોજનને સફળ બનાવ્યું હતું.

- અહેવાલ : દિનેશ ભગત

---

## નેત્રા : કથા પરાયણ

શ્રી નેત્રા સ્વામિનારાયણ મંદિર તા.૨૭-૯-૨૦૧૨ થી નેત્રા મુકામે સ્વામિનારાયણ મંદિરમાં ભુજ થી સંતો સત્સંગ માટે આવેલતે નિમિત્તે નેત્રાના હરિભક્તો દ્વારા ત્રણ દિવસની શ્રી ભાગવત પુરાણની કથાનું આયોજન કરેલ જે પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની સ્મૃતિ અર્થે આ કથાનું આયોજન કરેલ જેમાં શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજીના તેમજ તેમના મંડળના સાંનિધ્યમાં આયોજન કરવામાં આવેલ તેમજ સંતોના ખૂબ જ આશીર્વાદ મળેલને હરિભક્તો ને ખૂબ જ આનંદપૂર્વક કથાનું આયોજન પૂર્ણ કરીને પૂર્ણાહુતિને દિવસે ઘરોઘરથી વિધવિધ પ્રકારના થાળ બહેનો પ્રેમ પૂર્વક બનાવી અન્નકુટ ઉત્સવ કરેલ.

તેમજ છેલ્લે મહાઆરતી કરી ખૂબ જ હરિભક્તો રાજી થઇ સંતોનો રાજીપોને મેળવેલ છેલ્લે આ આખાય આયોજન ને અંતે શ્રી ગોપાલભાઇ નારાણભાઇએ આભાર વિધિ કરી પૂર્ણાહુતિ કરેલ હતી. તેમજ સંતોના આશીર્વાદ મેળવેલ.

- અહેવાલ : ગોપાલભાઇ સાંખલા

## ચંદ્રનગર (ખોખરા) ભૂમિ પૂજન મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર, રાધાકૃષ્ણદેવ મંદિર, ચંદ્રનગર (ખોખરા) નૂતન મંદિરનું ભૂમિ પૂજન તા.૧૭-૧૦-૨૦૧૨, બુધવાર, આસો સુદ-૨ (બીજ)ના દિને શુભ મૂહુર્ત સંપન્ન થયું. આ શુભ અવસર સ.ગુ.પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી અંજાર મંદિરના મહંત સ્વામી હરિજીવનદાસજીની પ્રેરણાથી વડીલસંતો સ.ગુ.મુકુન્દજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી, સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, શા.સ્વામી લક્ષ્મણપ્રકાસદાસજી તથા અન્ય સંતો પધારીને વૈદીક મંત્રો, આચાર્યો, બ્રાહ્મણો દ્વારા ભૂમી પૂજન કરવામાં આવ્યું.

પ્રસંગરૂપ પૂજનકર્તા યજમાનો એવા પ.ભ. પર્વતભાઇ રબારી તેમજ હિરાભાઇ આશા બોરિચા તથા સુથાર વિનોદભાઇ - સજોડ દંપતિ સાથે રહીને પૂજા વિધિનો લહાવો લીધો હતો, સાથે હાજર રહેલા તમામ હરિભક્તોએ પૂજા કરીને ધન્યતા અનુભવી હતી.

પધારેલા સંતોએ રુડા આશીર્વાદ સાથે સ્વામી બાલકૃષ્ણદાસજીએ સત્સંગની સુવાસ ઉદ્‌બોધન કરી. સૌને એક-મેક બની સાથે રહી શ્રીહરિને રાજી કરવા સાથે મળેલા પ્રસંગને સાથે રહીને સેવારૂપ અનુરોધ કર્યો હતો.


સાથે શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે જેમ ભૂમિપૂજનનો ઉત્સવ ઉજવાયો તેવી જ રીતે આગામી તા.૨૪-૧૦-૨૦૧૨ (વિજયાદશમી)ના રોજ, ખાતમૂહુર્તનો મહોત્સવ બ્રહ્મનિષ્ઠ વડીલ સંતો તથા પરમ ભક્તો તથા સમગ્ર ગામ સાથે મળીને ઉજવાશે.

મહોત્સવના કાર્યક્રમની તૈયારી કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ સાથે રહેલા સંચાલકો આદિક ભકતગણ રહ્યા હતા. આભાર વિધી માજી સરપંચ ભરતસિંહ જાડેજાએ કરી હતી.

- અહેવાલ : કાનજીભાઇ સુથાર (હિરાપરવાળા)

---

## સમૂહ ભાગવત સપ્તાહ પારાયણ માંડવી



શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં બિરાજમાન શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામમહારાજની પૂર્ણકૃપાથી તથા પૂજય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી દીવં ગત સર્વ પિતૃઓના મોક્ષાર્થે સમુદ્ર કિનારે સ્વામિનારાયણ મીઠી વીરડીએ સમૂહ શ્રી મદ્ ભાગવત સપ્તાહ પારાયણ સહ ૧૦૮ સંહિતા પારાયણ અને નારાયણ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાદરવા વદ -૮ નો કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પારાયણના વકતા પદે શા.સ્વામી નારાયણમુનીદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી,શા.સ્વામી સંતસ્વરુપદાસજી રહ્યા હતા. સંહિતા પાઠમાં ૬ સંતો અને ૧૦૨ ભુદેવો રહ્યા હતા. કથા અંતરગત ભાદરવા વદ ૧૦ના રામજન્મોત્સવ અને વદ ૧૧ ના શ્રીકૃષ્ણજન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. એકાદશીના પવિત્ર દિવસે શ્રી હરિકૃષ્ણમહારાજનો સમુદ્રમાં

પંચામૃત તથા સમુદ્રના જળથી વૈદિકમંત્રોથી અભિષેક કરવામાં આવ્યો હતો. ભાદરવા વદ ૧૩ શનિવારના રાત્રે કચ્છશ્રી નરનારાયણદેવ યુવક–યુવતી મંડળની સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં હજારથી વધારે યુવાન–યુવતીએ લાભ લીધો હતો. જેમાં શા.સ્વામી કૃષ્ણસ્વરુપદાસજીએ 'સંસાર વિષ કે અમૃત' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. ભાદરવા વદ ૧૪ –રવિવારના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થયું હતું. બપોરના ૦૪–વાગ્યે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. એજ દિવસે પૂ.સ.ગુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ હરિભક્તોને ખૂબ આશીર્વાદ આપ્યા હતા. સાંજે ૦૬ વાગ્યે કથાની પૂર્ણાહુતિની આરતી કરવામાં આવી હતી. ભાદરવા વદ અમાસ, સોમવતી અમાસના ૨૭ કુંડી નારાયણ યજ્ઞ રાખેલો હતો જેમાં મુખ્ય કુંડમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા માંડવી મંદિરના સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજીના વરદ હસ્તે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. સભા સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું. કોઠાર અને રસોડાનું માર્ગદર્શન પુ.સ્વામીકૃષ્ણપ્રીયદાસજીએ કર્યું હતું. અન્ય યુવાન સંતોએ ખુબ સેવા કરી હતી. પારાયણના મુખ્ય યજમાન નારણભાઇ મનજી કેરાઇ પરિવાર બળદીયા રહ્યા હતા. મહારાજશ્રી, સંતો, સા.યો, ભુદેવોની રસોઇના યજમાન હરજી ગાંગજી વેકરીયા તથા માવજી લાલજી વેકરીયા તથા લક્ષ્મણ લાલજી વરસાણી રહ્યા હતા. આચાર્યશ્રીના મુખ્ય યજમાન અરજણભાઇ રવજી હાલાઇ રહ્યા હતા. ભોજન પ્રસાદના યજમના પ્રથમ દિવસે પ્રમજી મુરજી કેરાઇ બીજે દિવસે ભીમજી પ્રેમજી શીયાણી ત્રીજે દિવસે માવજી રવજી પીંડોરીયા પાંચમે દિવસે એક હરિભગત છઠે દિવસે હીરજી પ્રેમજી છભાડીયા સાતમે દિવસે ખીમજી શીવજી ભુડીયા રહ્યા હતા. ભોજન પ્રસાદના સહ યજમાન લાલજી મનજી ગાજપરીયા,દેવજી વીરજી હીરાણી,માવજી લાલજી વેકરીયા,મહેશ હરજી વેકરીયા રહ્યા હતા. દરેક પોથીના પણ જુદાં જુદાં યજમાન રહ્યા હતા. અન્ય પણ ભક્તોએ નાની મોટી સેવા કરી હતી.


## શ્રીમદ્ સત્સંગી ભૂષણ પંચાહ પારાયણ માંડવી



શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીના પટાંગણમાં સત્સંગી ભૂષણ પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિક ભાદરવા વદ–૧૧ થી અધિક ભાદરવા વદ અમાવાસ્યા. વક્તા પદે શા.સ્વામી નારાયણમુનીદાસજી રહ્યા હતા. અ.ભાદરવા વદ ૧૪ શનિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થયું હતું ભક્તોએ ધામધૂમથી સ્વાગત કર્યું હતું. કાથાના યજમાન ગામ કોડાયના મેઘજીભાઇ રવજી પિંડોરીયા પરિવારે પોતાના વડીલોની પુણ્યસ્મૃતિમાં આયોજન કર્યું હતું.

અહેવાલ : શા.નિર્ભયચરણદાસજી

# શ્રી સ્વામિનારાયણ મુંબઈ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લામાં ધામધૂમથી ઉજવાયેલ ગણેશ મહોત્સવ



શ્રી સ્વામિનારાયણ ભગવાને કહેલું છે કે -

{dîU: {edm JUn{V: nmdVr M {XdmH$a: &
EVm: nÁ`V`m _mÝ`m XdVm: n#m _m_H$: &&

આ આજ્ઞા પ્રમાણે વિશ્રાંતિ ભુવન મુંબઇમાં તા.૧૯ થી ૨૩-૯-૨૦૧૨ દરમ્યાન ધામધૂમથી ગણેશ ઉત્સવ ઉજવવામાં આવેલ હતો.


તા.૧૯ના રોજ સવારે ગણેશજીનું સ્થાપન પૂજન સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ કરાવેલ હતું. આ ઉત્સવમાં દરરોજ સવારે અને સાંજે ૯ વાગ્યે ગણપતિનું ૧૦૮ ગણેશ નામાવલિ, સ્તોત્ર, મંત્ર આદિથી વિશેષ પૂજન કરવામાં આવતું હતું.

તા.૨૨ના શનિવારના સાંજે ૯ વાગ્યે ગણેશ પૂજન કર્યા બાદ ભુજથી પધારેલા ભુજ મંદિરના મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં રાસોત્સવ ઉજવવામાં આવેલ હતો. અને સર્વે ખૂબ આનંદથી રાસ રમ્યા બાદ, મહંત સ્વામી આદિ સંતોએ સર્વેને આશીર્વાદ આપ્યા હતા.

તા.૨૩ના રવિવારના સવારે ૮ વાગ્યે મહંત સ્વામી આદિ સંતોની નિશ્રામાં, બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સર્વે હરિભક્તોને શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજીએ મહાપૂજા વિધિ કરાવેલ હતી. અને મહંત સ્વામી આદિ સંતોના હસ્તે મહા આરતી થઇ હતી.

ત્યારબાદ પુ.સ્વામી મુકતવલ્લભદાસજીએ ગણેશના પ્રાદુર્ભાવની કથા, એકદન્ત કથા, દુર્વાની કથા, અને ગણપતિનું વાહન ઉંદર કઇ રીતે ? ઇત્યાદિ ગણપતિ ઇતિહાસની કથા કહીને સર્વેને મંત્ર મુગ્ધ કર્યા હતા.

સભા સંચાલક અને પાર્લાના અધ્યક્ષ સ્વામી મહાપુરુષદાસજીએ ઉત્સવમાં પધારેલા ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સર્વે સંતોનું ફૂલહારથી અને હરિભક્તોનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું. સ્વામીએ જણાવ્યું હતું કે મહારાજની આજ્ઞા પ્રમાણે વિઘ્ન હર્તા દેવ ગણેશની પોતાની શકિત પ્રમાણે અવશ્ય પૂજન કરવું જોઇએ, તે પ્રમાણે



આપણે સર્વે યથા શકિત ગણેશજીનું પૂજન કર્યું છે અને ગણેશને તથા શ્રીજી મહારાજને બન્નેને પ્રસન્ન કર્યા છે તે આપણા વિઘ્નો દૂર થશે જ.

તેમજ આ ઉત્સવનું મુખ્ય યજમાનપદ સ્વીકારનાર મૂળ બલદિયા અને હાલે નૈરોબીના કાન્તિભાઇ નારણ મનજી કેરાઇ પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ. અને વિઘ્ન હર્તા દેવ તેમને સુખ, સંપત્તિ અને નિરોગીતા પ્રદાન કરે એજ પ્રાર્થના.

ઉત્સવમાં પધારેલા સ્વામી સ.ગુ. સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી, પુ.સ્વામી સંતજીવનદાસજી આદિ સંતો યજમાનને તેમજ સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજીએ સર્વેને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે ગણપતિ છે તે શ્રી પરમાત્માનો જ અવતાર છે. તેમનું ભાવથી પૂજનાદિ કરવાથી સર્વેની સર્વે ઇચ્છાઓ અવશ્યપૂર્ણ થશે. અને આ ઉત્સવમાં નૈરોબીના, કાન્તિભાઇ નારણ મનજી કેરાઇ પરિવારે યજમાન બની કરીને ગણપતિને અને સ્વામિરાયણ ભગવાનને વિશેષ રાજી કરેલા છે. તેમની આ સત્સંગમાં અજોડ સેવા રહી છે. માટે વિઘ્ન હર્તા દેવ અને સ્વામિનારાયણ ભગવાનને અમો બધા પ્રાર્થના કરીએ છીએ કે તે સર્વ રીતે સુખી રહે અને હજુ પણ આવી સત્સંગની સેવા કરતા રહે. અને મહારાજ તેમને પોતાના ચરણોનું સુખ આપે એવી પ્રાર્થના.

ટ્રસ્ટી લાલજીભાઇ ખીરાએ પધારેલા સંતોનું અને યજમાનનો આભાર વિધિ પ્રકટ કર્યા બાદ સભાની સમાપ્તિ થઇ હતી.

ત્યારબાદ મહંત સ્વામી આદિ સર્વે મળી રાધાષ્ટમીની આરતી, સ્તુતિ કરીને, ભોજનપ્રસાદ લીધા બાદ ગણપતિના વિસર્જનની વિશેષ પૂજા આરતી કરીને, ગણપતિ બાપા મોર્યા, ના જય ઘોષ સાથે ઘણા બધા પુષ્પોની વૃષ્ટિ કરીને સર્વે વાજતે ગાજતે ગણપતિ બાપાનું વિસર્જન કરવા સમુદ્ર તરફ પ્રયાણ કર્યું હતું. અને સમુદ્ર કિનારે સર્વે સંતો ભક્તો વિશેષ પૂજન કરીને પ્રાર્થના કરીને બાપાને સમુદ્રમાં વિદાય આપી હતી. અને પછી સર્વે વિદાય લીધી હતી.

- અહેવાલ : શા. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

## ભવ્ય ત્રિ-દિનાત્મક શિલાન્યાસ સમારોહ

ઇન્દોર (મ.પ્ર.)નાં આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ)નાં મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, પ.પુ.સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પ.પુ.પાર્ષદવર્ય જાદવજી ભગત તથા અનેક વડીલ સંતવૃંદનાં સાંનિધ્યમાં ''શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન'' કે જેમાં એક રમણીય મંદિર તથા વિશ્રાંતિ ભવનનો શિલાન્યાસ સમારોહ તારીખ ૧૯-૦૯-૨૦૧૨ થી ૨૧-૦૯-૨૦૧૨ સુધી ત્રણ દિવસનો ઉજવાયો જેમાં નિષ્કુળાનંદ સ્વામી રચિત ગ્રંથ પુરુષોત્તમ પ્રકાશ ની કથા પારાયણ રાખવામાં આવી. જેના વકતા પદે પ.પુ.શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ બિરાજી સરસ મજાનું કથા રસપાન કરાવ્યું. આ મહોત્સવ દરમ્યાન તમામ વડીલ સંતોએ આશીર્વચન પાઠવ્યા તેમજ સભાનું સંચાલન પુ.શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સફળતાપૂર્વક સમ્પન્ન કરાવ્યું.

આ મહોત્સવ દરમ્યાન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તેમજ સ્થાનિક સમાજ (શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધારોડ)નો અપૂર્વ સહયોગ સાંપડયો.

- અહેવાલ : પ.ભ.નારાયણભાઇ હરજીભાઇ ભાવાણી - પ્રમુખશ્રી

## શ્રી સહજાનંદ ગુરુકુલ, માનકુવા મધ્યે

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

શ્રી સહજાનંદ ગુરૂકુલ
મંગલ મહોત્સવ
તા.૧૮/૧૧/૨૦૧૨ થી ૨૨/૧૧/૨૦૧૨

લાઈવ પ્રસારણ : www.ssgm.org.in
www.bhujmandir.org

- **કથા પ્રારંભ** : તા. ૧૮-૧૧-૨૦૧૨ કાર્તિક સુદ-૫, રવિવાર
- આસો સુદ-૧૦, તા. ૨૪-૧૦-૨૦૧૨ બુધવાર, વિજયાદશમી પર્વે સવારના ૮:૩૦ કલાકે વિજય સ્થંભારોપણ પૂ. મહંતસ્વામી આદિ સંતો તથા યજમાનશ્રીના વરદ હસ્તે કરવામાં આવશે.
- કારતક સુદ-૪, તા.૧૭-૧૧-૧૨ શનિવાર, બપોર પછી ૪ કલાકે પોથી યાત્રા હનુમાનજી મંદિરેથી વાજતે ગાજતે નિકીળી સભા મંડપમાં પધારશે ત્યારબાદ મંગલ મહોત્સવનું દીપ પ્રાગટય, સંગીતના સુરની સાથે મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ હસ્તે કરવામાં આવશે.
- કારત સુદ-૫, તા. ૧૮-૧૧-૧૨ રવિવાર, લાભ પાંચમના પ્રભાતથી કચ્છ શ્રી નરનારાયણ દેવ, યુવક મંડળનું વિરાટ યુવા સત્સંગ સંમેલન મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ હસ્તે, દીપ પ્રાગટય મંગલ પ્રાર્થનાથી શરુ કરવામાં આવશે.
- કારતક સુદ-૬, તા. ૧૯-૧૧-૧૨ સોમવાર, કથાનો મંગલ પ્રારંભ આરતીના દીવડાઓ તથા સંગીતના સૂરની સાથે થશે તથા વિદ્યાર્થીઓનું સન્માન સ્વાગત, બપોર પછી ૫-૩૦ કલાકે શ્રી ઘનશ્યામ પ્રાગટય મહોત્સવ દબદબાભેર ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવવામાં આવશે.
- કારતક સુદ-૭, તા. ૨૦-૧૧-૧૨ મંગળવાર, પ.પુ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન બાપોરે ૨-૩૦ કલાક વિદ્યાર્થીઓની સ્કાઉટ પરેડ સાથે નગરયાત્રા, દાતાશ્રીઓનું સન્માન, મહેમાનોનું સ્વાગત.
- કારતક સુદ-૭, તા. ૨૧-૧૧-૧૨ બુધવાર, પ.પુ. આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામીના વરદ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન. દાનવીર ભકતો, મહેમાન ભકતોનું સ્વાગત સન્માન.
- કારતક સુદ-૯, તા. ૨૨-૧૧-૧૨, ગુરુવાર, કથાસત્ર તથા મહોત્સવની સમાપન વિધી, સંતોના આર્શિવચનો.
- **કથા પૂર્ણાહુતિ** : તા. ૨૨-૧૧-૨૦૧૨ કાર્તિક સુ-૯, ગુરુવાર
- **રાત્રી પોગ્રામ** : તા. ૧૯-૧૧-૧૨ એસે. એસ. જી. એમ.ના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, તા. ૨૦-૧૧-૧૨ ઓરકેસ્ટ્રા પાર્ટી સહ યુવાનો દ્વારા રાસોત્સવ સ્પર્ધા મહાસંગ્રામની રમઝટ.
- **વકતા** : શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી, શાસ્ત્રી સ્વામી પરમહંસદાસજી
- **સભાપતિ** : શાસ્ત્રી સ્વામી ભકિતપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી

- **આમંત્રણ :** તમારા ગામના સાંખયોગી બાઈઓને પાંચે દિવસ મહોત્સવમાં પધારવા વિનંતી. તા. ૨૧-૧૧-૧૨ સવારના આપણા મંગલ મહોત્સવમાં પધારવા સ્નેહાળ સભર જાહેર આમંત્રણ પાઠવીએ છીએ.
- મહોત્સવમાં પધારનાર સર્વે સત્સંગીઓ માટે પાંચે દિવસ બન્ને ટાઈમ મહાપ્રસાદ લેવા નમ્ર વિનંતી.

# અક્ષરવાસ

- ગામ સામત્રા હાલ લંડન દેવજીભાઇ દેવશી ગામી તા.૨-૧૦-૧૨ મંગળવારે શ્રીજી મહારાજના ધામમાં પધાર્યા છે. દેવજીબાપા ભુજ મંદિરના ખૂબ સેવાભાવી હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે તેમજ તેમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના...
- ગણેશભાઇ નાનજીભાઇ ઠક્કર, કિડીયાનગર વાલા હાલે સામોર રાજસ્થાનવાલ તા.૨૬-૯-૧૨ બુધવારના શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં અક્ષરનિવાસી થયા છે તેઓ શ્રી નરનારાયણદેવ પ્રત્યે અને ભુજ મંદિરના સંતો પ્રત્યે અપાર હેત ધરાવતા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે તેમજ તેમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના...
- ગામ બળદિયાના માવજીભાઇ કેસરાભાઇ કેરાઇ ઊ.વર્ષ ૯૨, તા.૨૮-૮-૨૦૧૨ બુધવારે શ્રીજી મહારાજના ધામમાં પધાર્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે તેમજ તેમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના...
- ગામ સુખપુર નવાવાસના અમરબાઇ સામજી ભુડિયા ઊ.વર્ષ ૧૦૨, તા.૨૮-૮-૨૦૧૨ બુધવારે શ્રીજી મહારાજના ધામમાં પધાર્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે તેમજ તેમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના...
- ગામ નવાગામ ભચાઉના પ.ભ. શામજીભાઇ ખીરાભાઇ ખુથીયા ઊ.પ.૭૫ ભાદરવા (અધિક) સુદ ૬ તા. ૨૩/૮/૧૨ ગુરુવારના બપોર પછી ૪ વાગ્યે શ્રીજી મહારાજનું સ્મરણ કરતા કરતા અક્ષર નિવાસી થયા છે. આપના જવાથી આપનો પરિવારમાં ૩ સુપુત્રો અને ૫ સુજીમિઓના પરિવારને અથાર વેદના થઇ ઇ. શ્રી સ્વામિનારાયણ ભગવાન આપના પરિવારને સહન શક્તિ અને આપના તરફથી મળેલો સત્સંગનો વારસોમને નરનારાયણદેવને વિષે નિષ્ઠા વધે એવી શ્રી સ્વામિનારાયણ પણ ભગવાનના ચરણે પ્રાર્થના.

**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટન

તા.૮-૧૦-૧૨ થી તા.૧૪-૧૦-૧૨ સુધી આપણા બોલ્ટન મંદિરમાં શ્રી ધીરજ આખ્યાન સપ્તાહ પારાયણ ગામ દહિંસરાના અ.નિ. માવિત્ર દાદાશ્રી કરસનભાઇ રત્ના હાલાઇ, અ.નિ. દાદીમાશ્રી જીવબાઇ તથા અ.નિ. પિતાશ્રી કેસરાભાઇ કરસન હાલાઇ તથા અ.નિ. માતૃશ્રી ધનબાઇ તથા માતૃશ્રી પ્રેમબાઇ આદિ પરિવારના મોક્ષાર્થે આયોજન ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પારાયણના વક્તાપદે ભુજ મંદિરના પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ પોતાની અમૃત સમાન વાણીથી કથા સંભળાવી સૌને રાજી કરેલ. તેમજ પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, પુરાણી સ્વામી શાન્તિપ્રિયદાસજી, પુરાણી સ્વામી અદ્‌ભુતચરણદાસજી આદિ સંતોએ ખૂબ જ આશીર્વાદ આપી કરીને હરિભક્તોને રાજી કરેલ. તેમજ કથા દરમિયાન શનિવારના દિવસે થાકરથાળી ઉત્સવ તેમજ કીર્તન ભકિતનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ ને પુરાણી સ્વામી શ્રીજીનંદનદાસજી તથા કાર્ડિફ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તથા બોલ્ટન મંદિરના બાળકો યુવાનોએ પોતાના મધુર કંઠે કીર્તનો ભજન સંભળાવી ખૂબ જ રાજી કરીને સૌ હરિભક્તો સાથે મળી રાસ ઉત્સવ પણ રાખવામાં આવેલ, આ પારાયણના આયોજક, યજમાન ગામ દહીંસરાના વાલજીભાઇ કેસરા હાલાઇ, ધ.પ.પ્રેમીલાબેન, સુપુત્ર મિતેશ ધ.પ. કાન્તાબેન, પૌત્ર સિતુલ, પૌત્ર નિયમ, તથા સુપુત્ર હિપેસ ધ.પ.શીલ્પાબેન તથા બેનશ્રી મેઘબાઇ હરજી અજવાણી આદી પરિવાર સાથે મળીને આ આયોજન કરવામાં આવેલ. યજમાનશ્રી તરફથી શનિવારે સાંજે તેમજ પૂર્ણાહુતિના દિવસે બપોરે સૌ હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન તેમના તરફથી રાખવામાં આવેલ. આ પ્રમાણે ઉત્સવ ઉજવી મંદિરની સેવા વધારી લાભ લીધેલ હતો.

- અહેવાલ : મનજીભાઇ ગાંગજી હાલાઇ - પ્રમુખશ્રી

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન

થાકરથાળી : તા.૧૮-૮-૨૦૧૨ શ્રી ઇસ્ટ લંડન મંદિર તરફથી ઠાકરથાળી ઉત્સવ શનિવારે ઉજવવામાં આવેલ.

તા.૧૯-૮-૨૦૧૨ને રવિવારે કુમારી કાનસી કળશી નરેશભાઇ ડબાસીયાના જન્મદિવસ નિમિત્તે તથા દાદા પ.ભ. જાદવજીભાઇ વીરજી ડબાસીયાની ૬૦ વર્ષ ગાંઠ નિમિત્તે તેમજ પ.ભ.જીવુબાઇ શામજી શીયાણી પરિવાર ગામ માનકુવાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા.૨-૯-૨૦૧૨ને રવિવારે પ.ભ. કરસનભાઇ વિરજી ડબાસીયા પરિવાર ગામ માનકુવાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા.૧૬-૯-૨૦૧૨ને રવિવારે પ.ભ. જાદવજીભાઇ માવજી વાઘાણી સુપુત્રી કુમારી નીરવીના જન્મદિવસ નિમિત્તે ગામ ઉ.સુખપુરવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા.૨૨-૯-૨૦૧૨ને શનિવારે કુમારી સીયાબેન વિજયભાઇ ધનજીભાઇ ભુડિયા પરિવાર ગામ ઉ.સુખપરવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા.૨૨-૯-૨૦૧૨ને શનિવારે કુમારી દીનીશાબેન ઘનશ્યામભાઇ ભીમજીભાઇ હિરાણી પરિવાર ગામ બલદિઆવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ. આ સમયે ભુજ પ.પૂ. સ્વામી તથા પરમહંસદાજી, પ.પૂ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી પણ યોગાનુંયોગે હાજર રહ્યા હતાં.

- અહેવાલ અરવિંદભાઇ વેકરીયા, મંત્રી



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

## : ઉત્સવોને જાણો અને માણો :

બાલ મિત્રો! નવા વર્ષના જય શ્રી સ્વામિનારાયણ..... તમારી પરીક્ષા પૂરી થઇ ગઇ હશે અને દિવાળીનું વેકેશન પણ પડી ગયું હશે. બસ હવે તો ફરવા જવાનું, નવા કપડા સીવડાવવાના, ફટાકડા લેવાના દીવાળી આવે એટલે દરેકને આનંદ જ હોય પણ દીવાળીની ખુશાહાલીમાં શ્રી ઘનશ્યામ બાલમંડળમાં જવાનું ભુલતા નહિ.

બાલ મિત્રો! તમે જાણો છો કે વાઘબારસથી માંડી ભાઇબીજ સુધીના ઉત્સવો આપણે શામાટે ઉજવીએ છીએ? તો એ ઉત્સવો વિષે થોડું આપણે જાણીએ અને પછી માળીએ.

વાઘબારસ એટલે? વાઘમાંડવું એટલે દેવું પતાવવું. ધંધા-વેપારના જૂના ચોપડા નવા કરતાં પહેલાં જેટલું દેવું હોય, તેની લેણ-દેણ કરવામાં આ દિવસ ઉત્તમ મનાય છે. આજના દિવસે સૌ હિસાબો પૂર્ણ કરે છે.

બાળકોને વળી નવા-જૂના વેપારના ચોપડા સાથે શું લેવા દેવા? તેના માટે તો ચોપડા એટલે. અભ્યાસનાં પુસ્તકો અને નોટબુકો. અડધું વર્ષ પુરું થઇ ગયું છે. તેથી જેટલું લેશન હોય તેટલું પૂરું કરી દેવું તથા જેટલું ભણ્યા હોઇએ, તેટલું આ દિવસ સુધીમાં કાંઇક કાચું હોય તો પાકું કરી નાખવું.

ધનતેરસ એટલે ? ધનનું પૂજન કરવામાં આવે છે. પહેલા ગાયોનું ધણ પણ ધન કહેવાતું. આ દિવસે ગાયોની પૂજા થતી. સમયજતા આજે ગોધનની સાથે ધનની પણ પૂજા થવા લગી. લોકો પરંપરાનુસાર ગાયનું પૂજા કરે છે. ગાયના શીંગડા રંગે છે. આજના દિવસે સમુદ્ર મંથન કરતી વખતે ચૌદમું રત્ન અમૃતને લઇ ધનવંતરી ભગવાન સમુદ્રમાંથી પ્રગટ થયા હતા. આ દિવસે લક્ષ્મીપતિ ભગવાનના અલંકારોનું (ઘરેણાં) યથાયોગ્ય માર્જન (ધોવા) કરી સ્વચ્છ કરવામાં આવે છે અને પૂજાના ઉપકરણો,પાત્રો આદિકને ધોઇ સ્વચ્છ કરવામાં આવે છે.

માટે બાળકો ધનતેરસના દિવસે તમારી દરરોજની પૂજાના પાત્રો એટલે આસન, ધોતી, સાલ વગેરેને ધોઇને સ્વચ્છ કરવા જોઇએ. ઘરમંદિરની પણ સફાઇ કરી સ્વચ્છ કરવું.

કાળી ચૌદશ એટલે ? કૃષ્ણ પક્ષની ચૌદશી હોવાથી કાળીચૌદશ કહેવામાં આવે છે. આ દિવસે પ્રાગ્જયોતિષપુર (ગોહાટી) ના રાજા ભૌમાસુરે બધી જ સારીસારી વસ્તુઓ લોકો પાસેથી લૂટીને ભેગી કરી હતી. દેવોની માતા અદિતિનાં કુંડળ પણ તે ચોરી ગયો હતો. તેણે ત્રણે લોકમાં હાહાકાર મચાવી દીધો હતો. દેવોની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણ ભગવાને સત્યભામાને સાથે લઇ ભૌમાસુર એટલે કે

નરકાસુરનો વધ કર્યો હતો. ને તેણે કેદ કરેલી ૧૬,૦૦૦ હજાર સ્રીઓને છોડાવી હતી. મૃત્યુ સમયે છેલ્લા શ્વાસ લેતા નરકાસુરે ભગવાનની પ્રાર્થના કરી હતી. અને ભગવાનને કહ્યું: મારી મૃત્યુતિથિએ જે સૂર્યોદય પહેલાં સ્નાન કરે તેને નરકની પીડા ન થાય. ભગવાને તથાસ્તુ કહ્યું. આ અસુરનું બીજું નામ નરકાસુર હતું તેથી આ દિવસને નરકચતુર્દશી પણ કહેવામાં આવે છે. આપણા મંદિરોમાં આ દિવસે રામદૂત હનુમાનજીની પૂજા કરી ભૂત પ્રત થકી રક્ષણ માટે પ્રાર્થના કરવામાં આવે છે. શ્રીજીમહારાજે શીક્ષાપત્રીમાં પણ આજ્ઞા કરી છે કે આષો વદ ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી.

બાળ મિત્રો ! શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે લખ્યું છે કે ભૂત-પ્રેતનો ઉપદ્રવ થાય ત્યારે હનુમાનજીને યાદ કરવા. તમને જયારે ભય લાગે અથવા ખરાબ સ્વપ્ન આવે ત્યારે હનુમાનજીને યાદ કરવા.

દીવાળી એટલે ? દીવાળી શબ્દ દીપાવલી પરથી આવ્યો છે. દીપાવલી એટલે દીવડાઓની હારમાળા. શ્રીજી મહારાજે સત્સંગીજીવનમાં કહ્યું છે ધનતેરસથી આરંભી ભક્તોએ દીપોત્સવના કિર્તનોનું ગાન કરવું. અને ત્રણ દિવસ તેરસ,ચૌદશ અને દીવાળી સુધી મંદિરમાં દીપમાળા પૂરી મંદિરને ઝગમગાવવું. સંવત્ ૧૮૭૭ની સાલમાં દીવાળીની રાત્રે ભગવાન શ્રીહરિએ કારીયાણીમાં દીપમાળા મધ્યે ઊંચામંચ પર બિરાજી ભક્તોને દર્શનનો દિવ્ય આનંદ આપ્યો હતો. આજના દિવસે સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં હતાં. તથી લોકોએ આનંદમાં આવી દીવડા પ્રગટાવ્યા હતા. લક્ષ્મીજીની પૂજા કરી હતી. તેથી આ દિવસે મંદિરમાં લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે. ચોપડા પૂજન પણ કરવામાં આવે છે. આ દિવસે પાંડવો બારવર્ષનો વનવાસ અને અક વર્ષ ગુપ્તવાસ પૂર્ણકરી પાછા આવ્યા હતા. બીજી કથા ભગવાન શ્રીરામ ચૌદવર્ષનો વનવાસ પૂર્ણકરી અયોધ્યા પધાર્યા હતા. તેથી અયોધ્યાવાસી દીવડા પ્રગટાવી ઉત્સવ કર્યો હતો.

બાળમિત્રો! દીવાળીને દિવસે ધરમંદિરમાં દીવડા કરવા આંગણમાં રંગોળી પૂરવી. અને હા ફટાકડા ફોડવામાં ધ્યાન રખવું કે આપને નુકશાન ન થાય અને બીજાને પણ નુકસન ન થાય.

સંવત્ પ્રમાણે આપણું વર્ષ દીવાળીને દિવસે પૂર્ણ થાય છે ને નવા વર્ષની શરુઆત થાય છે માટે રાત્રે સૂતાં પહેલા વિચારવું કે ગયા વર્ષમાં મારાથી થયેલી ભૂલોને હવેથી હું સુધારીશ. અને વેરઝેર ભુલીને દરેકની સાથે મિત્રતા કરીશ આવો સંકલ્પ કરવો.

નવુ વર્ષ અને અન્નકુટ એટલે ? વિક્રમ રાજાએ ક્રૂર એવી શક પ્રજા પર વિજય મેળવી વિક્રમ સંવત્ શરુ કરી હતી, તે વિક્રમ સંવત્નો આ પ્રથમ દિવસ છે. એટલે તેને નવું વર્ષ કહેવામાં આવે છે.

વર્ષાઋતુમાં તૈયાર થયેલ શાકભાજી, ફળ, અન્નાજ વગેરેને ઘેર લાવી. તેમાંથી વિવિધ વાનગીઓ બનાવી વરસાદના દેવ ઇન્દ્રની પૂજા કરવાનો ગોકુલમાં રિવાજ હતો. શ્રીકૃષ્ણ ભગવાને ઇન્દ્રની પૂજા બંધ કરવી, ગોવર્ધન અને ગાયોની પૂજા કરવાની આજ્ઞા આપી. શ્રીકૃષ્ણની આજ્ઞા માની ગોકુલવાસી ગોવર્ધનની પૂજા કરી વિવિધ વાનગીઓ ધરાવીને અન્નકૂટ ઉત્સવ કર્યો. તેથી ઇન્દ્ર ખૂબ વરસાદ વરસાવ્યો, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વતને ડાબા હાથની ટચલી

આંગળીએ ઉપાડી સૌની રક્ષા કરી હતી. એ દિવસથી ભક્તો ગોવર્ધન પજા કરી અન્નકૂટ ઉત્સવ કરે છે.

આ અન્નકૂટોત્સવની ઉજવણી શ્રીજી મહારાજે પણ ધામધૂમપૂર્વક કરેલી છે. ગઢપુર દાદાના દરબારમાં ભુજમાં લાધીબાઇને ઘેર એમ ઘણી જગ્યાએ શ્રીજી મહારાજે અન્નકૂટોત્સવ કરેલો છે.

બાળકો ! મહાભારતમાં વ્યાસજીએ લખ્યું છે આ નવા વર્ષના પ્રથમ દિવસે જે આનંદમાં રહે છે, તેનું આખું વર્ષ આનંદમાં વીતે છે. જે દુઃખમાં રહે છે, તેનું આખું વર્ષ દુઃખમાં વીતે છે. માટે સદા આનંદમાં રહેવું.

નવા વર્ષે સૌ જૂનાં નવાં વેરઝેર ભૂલી એકબીજાને પ્રેમથી જય સ્વામિનારાયણ કહી મળવું. મા–બાપ, વડીલોને પગે લાગી જય સ્વામિનારાયણ કહેવા.ભાઇ,ભાઇબંધને હાથ મલાવીને નહિ પણ હાથ જોડી જય સ્વામિનારાયણ કહી ભેટવું.

ભાઇબીજ એટલે ? ભાઇબીજને યમદ્વિતીયા પણ કહેવામાં આવે છે. આ દિવસે યમુનાજી પોતાના ભાઇ યમરાજાને ભોજન માટે આમંત્રણ આપ્યું હતું. યમુનાજીએ વિવિધ ભોજન બનાવી ભાઇને જમાડયાં હતા. ભાઇ યમરાજાએ બહેનને વસ્ત્ર,આભૂષણો આપ્યા હતા. તે દિવસથી ભાઇ બહેનને ત્યાં જમવા માટે જાય છે. ભાઇ બહેનને ભેટ આપે છે.



## જ્ઞાનસરિતા

–: જ્ઞાનમાળા:–

૧. દીવાળીને દિવસે કોનું પૂજન કરવામાં આવે છે ?
(અ) લક્ષ્મીજી (બ) ગોવર્ધન
(ક) ગાય (ડ) દીપ

૨. શ્રીકૃષ્ણ ભગવાને કોનું પૂજા બંધ કરવી હતી ?
(અ) શંકર (બ) વૃક્ષ
(ક) ઇન્દ્ર (ડ) રાજા

૩. રુડો દીવાળીનો દિવસ કે આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ) મુક્તાનંદ (બ) બ્રહ્માનંદ
(ક) પ્રેમાનંદ (ડ) ભૂમાનંદ

૪. વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કયા દિવસે કરવામાં આવી હતી ?
(અ) કાર્તિક વદ ૧૨ (બ) આસો વદ ૧૨
(ક) કાર્તિક સુદ ૧૨ (ડ) વૈશાખ સુદ ૧૫

૫. શ્રી સ્વામિનારાયણ ભગવાનને દીક્ષા કયાં મહિનામાં આપવામાં આવી હતી ?
(અ) આસો (બ) કાર્તિક
(ક) માગશર (ડ) ચૈત્ર

૬. ભક્તિમાતાનો જન્મ કઇ સાલમાં થયો હતો ?
(અ)૧૭૯૮ (બ) ૧૭૯૫
(ક) ૧૮૯૮ (ડ) ૧૭૯૬

૭. ધર્મદેવનો જન્મ કયા વારે થયો હતો ?
(અ) સોમવાર (બ) બધુવાર
(ક) શનિવાર (ડ) શુક્રવાર

૮. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને મહાદીક્ષા વિધિમાં કેટલા અક્ષરનો મંત્ર આપ્યો હતો.?
(અ) આઠ (બ) છ
(ક) પાંચ (ડ) દસ

૯. રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને ગાદી કોના દરબારમાં સોપી હતી ?
(અ) સુરાખાચર (બ) ઉત્તમરાય
(ક) ગોવર્ધન (ડ) ઉન્નડખાચર

૧૦. સંવત્ વર્ષની શરુઆત કોણે કરી હતી ?
(અ) ગૌત્તમ (બ) શીવાજી
(ક) વિક્રમ (ડ) અશોક ?

**-: શબ્દ રચના :-**

આ કોયડામાં ભારતીય બાર મહિનાના નામ મુકેલા છે તેને શોધો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | શ્રા | | | | | | | |
| | | | | | | વા | પો | મ | | | | | | |
| | | | | | હ | ભ | ષ | જુ | વૈ | | | | | |
| | | | | મા | ચૈ | એ | પ્રી | લ | લા | ન | | | | |
| | | | ક | ગ | ત્ર | ષ | દ | મા | ર્ચ | ઈ | ણ | | | |
| | | ણ | ફ | શ | હા | ઢ | વો | ખ | ત્ર | વ | મે | ન | | |
| | ષા | કા | કા | ર | ત | ક | ખ | ષા | શ્રા | ક | સો | જૂ | ઘ | |
| આ | ઠ | ર | ષા | હા | ચૈ | લ | વા | ણ | સ | આ | શા | મ | વૈ | ફા |
| | જે | પ | મ | વા | સ | ફા | ગ | ખ | દ | કા | ગ | જે | સ | |
| | | ણ | પ | ભ | મે | ઘ | સો | વો | ભા | અ | ષા | ઢ | | |
| | | | ગ | વૈ | મા | સ | ર | ડી | સે | મ્બ | ર | | | |
| | | | | ફા | ઢ | દ | કા | ષ | ખ | રી | | | | |
| | | | | | ભા | સ | ચૈ | શા | આ | | | | | |
| | | | | | | શા | વૈ | ન્યુ | | | | | | |
| | | | | | | | જા | | | | | | | |

**-: ગત જ્ઞાનસરિતાના જવાબો :-**

આસો સુદ૧૫, ટોડળા, પ્રગટ થયા પ્રભુ,૧૮૮૫, ૨૧,આસો સુદ૧૦,ત્રેતાયુગ,ધમડકા,ગુજરાત, ૧૦

**ઉખાણાં:-** નળિયા, ઘંટી, કડાઇ

| ધામ | ધોલેરા | વડતાલ | અમદાવાદ | જૂનાગઢ | ભુજ | ગઢપુર |
|---|---|---|---|---|---|---|
| નંબર | | | | | ૧ | |
| દેવ | નરનારાયણદેવ | રાધારમણ દેવ | ગોપીનાથ જીમહારાજ | મદનમોહન દેવ | લક્ષ્મીના.દેવ | નરનારાયણદેવ |
| નંબર | ૧ | | | | | |
| સંવત્ | ૧૮૮૪ | ૧૮૭૯ | ૧૮૮૫ | ૧૮૮૨ | ૧૮૭૮ | ૧૮૮૧ |
| નંબર | | ૧ | | | | |
| દિવસ | આસો સુદ૧૨ | વૈશાખ વદ,૨ | કાર્તિક સુદ ૧૨ | વૈશાખ સુદ૧૩ | ફાગણ સુદ,૩ | વૈશાખ સુદ,૫ |
| નંબર | | | | | | ૧ |
| સંતો | આનંદાનંદ સ્વામી | વૈષ્ણવાનંદ સ્વામી | નિષ્કુળાનંદ સ્વામી | વિરક્તાનંદ સ્વામી | અક્ષરાનંદ સ્વામી | બ્રહ્માનંદ સ્વામી |
| નંબર | | ૧ | | | | |

**:: આદર્શ બાળક ::**

૧. ભગવાન,સાધુ અને વડીલોથી ઊંચે આસને બેસવું નહિ. એ આવે તો ઊભા થઇ આસન આપવું

૨. કોઇ કાંઇ પૂછે તો વિનયપૂર્વક જવાબ આપવો.

૩. ઘર મંદિર કે ગામમાં મંદિર હોય ત્યાં સવારે દર્શન કરવા જવું અને સાંજે શ્રી ઘનશ્યામ બાલ મંડળમાં જવું.

**:: આમંત્રણ ::**

**બાલમંચ :** કાર્તિક સુદ ૧૦ શુક્રવાર તા.૨૩-૧૧-૨૦૧૨, બાલમંચનું આયોજન કરેલું છે.

**સમય :** સવારે ૦૮-૩૦ થી૧૨-૦૦ આવવાનું ભુલતા નહિ....



**શુભ દીપાવલી**



**નૂતન વર્ષાભિનંદન**

નૂતન વર્ષ સુખ શાંતિ મય જાય અને દીપજ્યોતી સમ પ્રકાશિત રહે, એવી શ્રી ઘનશ્યામ મહારાજ ચરણોમાં પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ

## સરનામું

નામ............................................................ ગામ ...................

તાલુકો........... ઉંમર....... શાળા.......................... ધો.......... મો.ન..............

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૫૧/- | જાદવજી કાનજી રાઘવાણી | બળદીયા | નવા બાઇકની ખરીદી કરી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | કૌશિક કાન્તિલાલ સેંઘાણી | નારાણપર ઉ.વાસ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | અ.નિ.વિશ્રામભાઇ કરસન ખેતાણી હસ્તે વીરજીભાઇ | ફોટડી | પિતાજી અક્ષરવાસ પામ્યા તે નિમિત્તે મોક્ષાર્થે સુપુત્ર તરફથી ભેટ |
| ૧૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર હસ્તે ચીમનભાઇ ઠક્કર | ચોબારી | મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | સુથાર કાનજીભાઇ | હીરાપર (તા.અંજાર) | શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | નારણ રત્ના કરસન ભુડીયા | ફોટડી-હાલે મોમ્બાસા | સ્ટોનકટરનું નવું વર્કશોપ શરૂ કરતાં ભેટ |
| ૫૧/- | રિધ્ધિ ક્રિએશન | મુંબઇ | નવું કામ ચાલુ કર્યું તે નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | પ્રજેશકુમાર અરવિંદભાઇ ભાવાણી | ઘડાની હાલે ઇન્દોર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | કુમારી વેદી દિપકભાઇ ભાવાણી | ઘડાની હાલે ઇન્દોર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | નારાણ વિશ્રામ ભગત | રવાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | કરસન સામજી વાગડીયા પરિવાર | સુખપર | ભુજમાં બંને મંદિરમાં પાંચ દિવસની કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | નાનજી કેસરા પિંડોરીયા | દહિંસરા | સુપુત્ર ચિ.હેતના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | કલ્યાણજી ગોપાલ વેકરીયા | નાગલપર-માંડવી | બદરિકાશ્રમયાત્રા નિમિત્તે શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૧૫૧/- | શુભમ્ દર્શન સોની | ભુજ | પ્રથમ જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૧/- | બહાદુરસિંહ રામસંગજી જાડેજા | અકરીવાળા વાયોર | પૌત્ર ચિ.પરિક્ષિતસિંહના જન્મ દિવસે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૧/- | બહાદુરસિંહ રામસંગજી જાડેજા | અકરીવાળા વાયોર | પૌત્રીઓ ચિ.નિરાલી તથા મિરાલીના જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | રવજીભાઇ કરસનભાઇ સાંખલા | મુ.નેત્રા હાલે વાપી | પૌત્ર ચિ.સહજના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | અ.નિ.દેવજી દેવશી ગામી હસ્તે સુપુત્ર હીરજી | સામત્રા હાલે લંડન | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૨૦૦/- | જયંતિલાલ રત્ના ભુડીયા હસ્તે રત્નાભાઇ | ફોટડી હાલે મોમ્બાસા | ચિ.નિયતિના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અ.નિ. રત્ના કાનજી વાગજીયાણી હસ્તે ધ.પ.લાલબાઇ વાગજીયાણી | નારાણપર ઉ.વાસ | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૫૦૧/- | શિવમ્ પ્રવિણભાઇ કલ્યાણ પુંજાણી | માનકુવા હાલે સિસલ્સ | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | કાનજી મુરજી પિંડોરીયા ધ.પ.જશુબેન | માધાપર | ચિ.પ્રવિણ, ચંપા અને હરિશના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | અર્જુન વિનોદભાઇ કારા | રામપર-વેકરા | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | પ્રહલાદ (પલુ) અરવિંદભાઇ મુરજી હિરાણી | ફોટડી | ચિ.પ્રહલાદ (પલુ)ના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | હિતેશ માવજી વરસાણી | માધાપર | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | વિનોદ માવજી વરસાણી | માધાપર | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અરવિંદ વિશ્રામ હિરાણી | સુખપર | ચિ.પુત્ર શશીકના જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | મુરજી નાનજી હિરાણી | ભક્તિનગર-માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | કપિલા હરજી માવજી હિરાણી | માનકુવા | ચિ.કપિલાના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | હરજી માવજી હિરાણી | માનકુવા | સુપુત્ર ચિ.જીલેશના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |